Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. ફાલ્ગુન. આત્મ સં. ૩૩. અંક ૮ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


૧ સ્વાશ્રયી જીવન. ... ... ૧૯૧
૨ વિક્રાળ કાળ. ... ... ૧૯૨
૩ સુખ તથા શાન્તિ. ... ... ૧૯૩
૪ દુનીયાના રંગ. ... ... ૧૯૭
૫ જૈન ધર્મ.... ... ... ૧૯૮
૬ જીવનની અગમ્યતા. ... ... ૨૦૧
૭ અગીઆર અંગોમાં નિરૂપણ કરેલ તીર્થંકર ચરિત્ર. ... ... ૨૦૩
૮ વિદ્યાર્થી વિભાગ વાંચન. ... ૨૦૬
૯ સ્ત્રી વિભાગ વાંચન. ... ... ૨૧૦
૧૦ શ્રી પંચસૂત્ર પૈકી પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ સૂત્ર ભાવાર્થ. .. ... ૨૧૧
૧૧ જૈન સેનેટરી એસોસીએશનનો રીપોર્ટ. ... ... ... ૨૧૫
૧૨ વર્તમાન સમાચાર, સ્વીકાર અને સમાલોચના... ... ... ૨૧૬


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५९. फाल्गुन आत्म संवत् ३३. { अंक ८ मो.


## स्वाश्रयी जीवन.

( ત્રાટક–છાંયા. )

કૃષિકાર અને સ્થળ યોગ્ય હશે, ફળ પ્રાપ્ત જિહાં બીજ રોપ થશે;
કણુ સદશ ફલ તદ્ વિધ ફળે, રસ સ્વાદ વિવિધ ભૂ ભેદ મળે. ૧
સ્રીકરાય છે હુંડી અવેજ વડે, રહે આંટ જો યોગ્ય પ્રબંધ જડે;
વ્યવહાર વિશિષ્ટ વિનાણુ વિના, નહિં લાભ વ્યાપારિ કુનેહુ વિના. ૨
કેમ સૃષ્ટિ પરે કર દષ્ટિ ભલા !, કુદરત નિયમો સમજી સઘલા;
સહુ “ આપ ને લે ” ના વિવેક થકી, પ્રચલિત આ લૌકિક રીતિ નકી. ૩
પ્રભુ તું હિ છે તારણુહાર ધણી, થશે અર્જ સ્વિકાર શ્રદ્ધાલુ ગણી;
વિશ્વાસ એ **ખાલી** ફળે ન કદી, **આજ્ઞા પ્રતિપાલક** થા જલદી. ૪
પૂજન ગુરૂ દેવ વડિલ તણું, સતકાર અને સનમાન ઘણું;
કરવું ગુણુ ગ્રહવા પ્રેમે અતિ, સન મારગ પ્રેરક પ્રૌઢ મતિ. ૫
લૌકિકતા સ્વશ્રય પર સઘલી, પહિચાન કરો જીવન બદલી;
પર આશ્રય તજ તું ભ્રાત ! હવે, “ સ્વાશ્રયતા ” સુંદર શાસ્ત્ર કવે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોત્તર માર્ગ વિશાલ વિશિષ્ટ, પરાશ્રયનો અવકાશ ન ઇષ્ટ;
સમઝ એ કારણ ભેદ પ્રયોગ, નિમિત્ત અને [1]નિજશક્તિ સંયોગ. ૭
સહુ વાતનો સાર અલૌકિક છે, સતસંગ સંયોગ સુધારસ છે;
કવચિત મળે કર ખોજ હવે, રસ **આતમ આનંદ** પૂર્ણ શ્રવે. ૮

**વેલચંદ ધનજી**

# વિકાળ કાળ.

**( રચનાર–જેચંદ ઝુંઝાભાઇ શાહ, વઢવાણ શહેરવાળા )**
**ડબાવલી (પંજાબ)**

( રાગ, સવૈયા એકત્રીસા )

હાકેમ હોદ્દા હોય હજારો, રાવ બહાદુરના ઈલ્કાબ;
હસ્તી હાલે હારબંધ હો મહારાજા કે ભલે નવાબ;
સહસ ગમે સેવક સેવામાં રહેતા રાત દિવસ તૈયાર,
ભરે ફાળ વિકાળ કાળ કરવાળ ગ્રહી કરતો સંહાર. ૧

મેડી મહાલય મોટર ગાડી માયા મૂકી મરવાનું,
રહે રમણીનું રટન નીરંતર નહિ નિશ્ચય ત્યાં ઠરવાનું;
કરી કાળા કામો કંચન ને કેલવીયા ક્રોડો કલદાર,
ભરે ફાળ વિકાળ કાળ કરવાળ ગ્રહી કરતો સંહાર. ૨

બુદ્ધિમાન બળવંત બહાદુર બન્યા બાદશાહ જગસીરતાજ,
કપટી કાળ કરે નહિ કરૂણા ન્હાય ચક્રવર્તિ મહારાજ;
ઉપાડે આંખ્યો વીંચીને યુવાન, બાળ, કે બહુ રડનાર,
ભરે ફાળ વિકાળ કાળ કરવાળ ગ્રહી કરતો સંહાર. ૩

અભિમાનમાં અક્કડ રહીને આત્માનો નવિ કર્યો વિચાર,
કોણ તું કયાંથી આવ્યો જગમાં કોણ સંબંધી ને સંસાર;
કાળતણી વિકાળ જાળમાં ફસતાં પહેલાં ભજી ભગવાન
બાંધી લે પરલોકનું ભાથું જયચંદ મળશે ઉત્તમ સ્થાન ૪

---

૧ ઉપાદાન કારણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખ તથા શાન્તિ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

મહાભારતના શાંતિ પર્વમાં ભૃગુજીએ ભારદ્વાજને કહ્યું છે કે–**इह खलु अमुष्मिंश्च लोके वस्तुप्रवृत्तयः सुखार्थमिधीयन्ते । न ह्यतः परं त्रिवर्गफलं विशिष्टतामस्ति ।**

અર્થાત્ આ લોક અને પરલોકમાં બધી પ્રવૃતિઓ કેવળ સુખાર્થેજ હોય છે અને ધર્મ, અર્થ તથા કામનું ફળ સુખ સિવાય બીજું કશું નથી. આ વાત અક્ષરશઃ સત્ય છે. સંસારમાં જેટલાં કાર્યો કરવામાં આવે છે તે સઘળાં કેવળ સુખ પ્રાપ્તિ અર્થે જ છે. ધનોપાર્જન, અધ્યયન. અધ્યાપન, વ્યાપાર, દાન, ધર્મ, વિવાહ, વેશ્યાગમ, મદ્યપાન, આત્મહત્યા, દ્વેષ, નિંદા વિગેરે વિગેરે અનેક સારી તેમજ ખરાબ બાબતો માત્ર સુખની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. તોપણ જે સુખ મેળવવા સંસારના સઘળા મનુષ્યો આટલી બધી ઈચ્છા રાખે છે તેના સંબંધમાં એક વાત બહુજ વિલક્ષણ છે. તે એ છે કે સુખનું સ્વરૂપ ઘણે ભાગે નિશ્ચિત તેમજ સર્વ સંમત નથી. સઘળા લોકો તે સંબંધમાં મોટા ભ્રમમાં પડે છે, અને એ ભ્રમ સુખનું સાચું સ્વરૂપ નહિ જાણવાને લઈને જ ઉત્પન્ન થાય છે. અને એટલા માટેજ એક માણુસ પાઈ પાઈ ભેગી કરીને લક્ષાધિપતિ બનવામાં સુખ માને છે, તો બીજો માણુસ પોતાના પૂર્વજોની લાખોની સંપત્તિ થોડા સમયમાં વેશ્યાગમન, મદ્યપાન વિગેરેમાં નષ્ટ કરી દેવામાં જ સુખ માને છે. એક મનુષ્ય પશુ પક્ષીઓ અને નાના જીવો પર દયા રાખવામાં અને તેઓનાં પ્રાણની રક્ષા કરવામાં સુખ માને છે, તો બીજો માણુસ ભાઇઓના લોહી વ્હેવડાવવામાં સુખ સમજે છે. કોઇને ઇન્દ્રિય તૃપ્તિમાં સુખ દેખાય છે, તો કોઇને ઇન્દ્રિયદમનમાં સુખ લાગે છે. કોઈ મોટા મોટા મહેલોમાં રહેવાથી સુખી થાય છે, તો કોઇ ઝુંપડામાં પડ્યા રહેવામાં સુખ માને છે.

આ ઉપરથી કહેવાની મતલબ એ છે કે સુખનું સાચું સ્વરૂપ સમજનારા લોકો ઘણા થોડા હોય છે. સઘળા લોકો પોતે જે બાબતમાં સુખ માને છે તેમાં લાગી જાય છે; પરંતુ એની સમજણ ભ્રમાત્મક હોય છે, અને એને લઇને આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર તેઓને દુ:ખ મળે છે. પૈસાને સુખ સમજનાર માણુસ અખૂટ દોલત એકઠી કરે છે, પરંતુ છેવટે જ્યારે પોતાનો એકાદ યુવાન પુત્ર મરી જાય છે અથવા પોતે કોઇ મહાવ્યાધિથી પીડાય છે ત્યારે તે દોલત તેને સુખ આપી શકતી નથી. કોઇ કોઇ વાર તો એ જ દોલત એને બીજા દુ:ખનું કારણુ થઇ પડે છે. ચોર લોકો આવીને તેની દોલત ખાતર તેને અનેક જાતનાં કષ્ટ આપે છે અને એ સમજવા લાગે છે કે જો મારી પાસે દોલત ન હોત તો હું વધારે સુખી થઇ શકત. ઇન્દ્રિય તૃપ્તિમાં સુખ સમજનાર માણુસ પણુ હમેશાં દુ:ખી રહ્યા કરે છે, કેમકે જેમ જેમ તે વિષયવાસનામાં ફસાતો જાય છે તેમ તેમ તેની વાસનાઓની વૃદ્ધિ થતી જાય છે, તે ઇન્દ્રિય તૃપ્તિમાં સુખ સમજે છે, પરન્તુ ઇંદ્રિયોની તૃપ્તિ થતી જ નથી. ઉલ્ટી તેની વાસનાઓ વધતી જાય છે અને એને લઇને તેને સુખને બદલે દુ:ખ જ મળે છે. આ સઘળા વિરોધો અને મુશ્કેલીઓ જોઇને વિદ્વાન પુરૂષોએ યોગ્ય ચિંતન પૂર્વક નિશ્ચય કર્યો છે કે સંસારના બાહ્ય પદાર્થોની સાથે વાસ્તવિક સુખને કોઇ પ્રકારનો સંબંધ નથી. સુખનો મુખ્ય સંબંધ મનની સાથે છે. એટલા માટે મનુસ્મૃતિમાં સુખ તથા દુ:ખના લક્ષણુ ગણાવતાં કહ્યું છે કે--

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखं ।**
**एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥**

જે બીજા અથવા બાહ્ય પદાર્થોને આધીન છે તે બધું દુ:ખ છે અને જે પોતાના મનના અધિકારમાં છે તે બધું સુખ છે. આ સુખ તથા દુ:ખનું સંક્ષિપ્ત લક્ષણુ છે.

આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનોએ પણુ સુખનું લક્ષણુ કંઇક આવુંજ નક્કી કર્યું છે. તેઓના મત પ્રમાણે પણુ સુખ બાહ્ય પદાર્થો પર અવલંબિત નથી, તેઓ તો સુખને એક જાતની માનસિક અવસ્થા માને છે. તેઓ મનને એક શીશીની ઉપમા આપે છે. મનને પ્રકાશિત અથવા સુખી રાખવા માટે તેને અમુક વિશિષ્ટ સ્થિતિમાં રાખવાની આવશ્યકતા છે. જો એ સ્થિતિથી જુદી કોઇ બીજી સ્થિતિમાં તેને રાખવામાં આવે છે તો સંસારની કોઇ બાહ્ય વસ્તુ તેને સુખી કે સંતુષ્ટ કરી શકતી નથી. આ કારણુથીજ અનેક લોકો ધન, બળ, સ્વાસ્થ્ય, પરિવાર, સન્માન વિગેરે પ્રાપ્ત કરે છે છતાં સુખી થતા નથી—તેઓના આત્માને કદિ પણુ કોઇ સ્થિતિમાં શાંતિ મળતી નથી. એ રીતે અનેક લોકો એવા પણુ હોય છે કે જે અત્યંત હલકી સ્થિતિમાં રહીને પણુ હમેશાં સુખી અને આનંદી રહે છે. આ સ્થળે એક મહાન પાદશાહની વાત કહેવાની ઇચ્છા થઇ જાય છે. એક પાદશાહ સુખી થવા ઇચ્છતો હતો અને તેથી તે મોટા મોટા હકીમ વિગેરે અનેક માણુસોને સુખની પ્રાપ્તિના ઉપાય પૂછવા લાગ્યો. સઘળા માણુસોએ બહુજ વિચાર કરીને છેવટે તેને કહ્યું કે જો આપને કોઇ સુખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસનું કપડું મળી જાય તો તે પહેરીને આપ સુખી થઇ શકશો, પાદશાહે ધાર્યું કે હવે કામ થઇ ગયું. અને કોઇ સુખી મનુષ્ય મળી જશે તો તેનું કપડું પહેરીને હું સુખી થઈ જઇશ. પછી સુખી મનુષ્યની શોધ થવા લાગી. આખું રાજ્ય ઢુંઢી નાખ્યું, પણ કોઇ સ્થળે એક પણ સુખી મનુષ્ય ન મળ્યો. સઘળા લોકો પોતપોતાના દુઃખ રોતા હતા. છેવટે ઘણી જ શોધ કર્યા પછી એક ખેડુત મળ્યો જે ખેતરમાં ખેતી કરીને પોતાના ઘર તરફ જતો હતો, તેને પૂછતાં માલુમ પડયું કે તેને કોઈ પ્રકારનું દુઃખ નથી અને તે સર્વ રીતે સુખી છે. પાદશાહના નોકરોએ તેને કહ્યું કે "ભાઇ, તારી પાસે એકાદ ફાટયું તુટયું જુનું કપડું હોય તો અમને આપી દે, કે જેથી અમે તે અમારા પાદશાહને પહેરાવીને સુખી કરીએ." તે ખેડુતે જવાબ આપ્યો કે ભાઇ, મારી પાસે તો કશું કપડું નથી. તો હું કેવી રીતે આપી શકું ?"

કેટલાક મનુષ્યો સંસારને દુઃખપૂર્ણ અને વિપત્તિઓનું ઘર ગણે છે, અને કેટલાક સુખપૂર્ણ તથા સઘળા પ્રકારની સુસ્થિતિનું કેન્દ્ર ગણે છે. આવી જાતની અનેક વાતો છે જેનાથી સિદ્ધ થાય છે કે સુખનો સંબંધ ઘણે અંશે માત્ર મનની સાથે રહેલો છે, બાહ્ય પદાર્થોની સાથે તેને કશી લેવા દેવા નથી. જે મનુષ્ય પોતાના મન તેમજ વિચારોને વશ રાખી શકે છે તે હમેશાં સુખી રહી શકે છે. એ રીતે સુખી થવું તે એક જાતની વિદ્યા અથવા કળા ઉપર નિર્ભર છે. જે મનુષ્ય એ વિદ્યા અથવા કળા જાણે છે તે ઘણું કરીને બધી દશાઓમાં અત્યંત પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે. એને ચારે બાજુ સુખ અને આનંદ સિવાય કશું દેખાતું જ નથી. તેના ઉપર ગમે તેટલી વિપતિ આવી પડે છે તો પણ તે હમેશાં પ્રસન્ન રહે છે. આવો મનુષ્ય ખરૂં જોતાં ઈર્ષ્યાપાત્ર બને છે.

હમેશાં પ્રસન્ન રહેવાની વૃત્તિ કેટલેક અંશે સ્વાભાવિક અને જન્મથી જ હોય છે અને કેટલેક અંશે સંપાદિત પણ હોય છે. કોઈ બાબતનું સારૂં અથવા ખરાબ પરિણામ લાવવું આપણા પોતાના જ હાથમાં છે, અને ખાસ કરીને આપણું જીવન સુખપૂર્ણ કે દુઃખપૂર્ણ બનાવવું એ તો આપણા જ અધિકારની વાત છે. સંસારમાં સુખ પણ છે અને દુઃખ પણ છે. એ બેમાંથી એકનું ગ્રહણ કરવું અને બીજાનો ત્યાગ કરવો એ આપણા જ હાથમાં છે. આપણે આપણી મનોવૃત્તિઓને સહનશીલ અને સુખાત્મક બનાવી શકીએ છીએ અને અસહનશીલ તથા દુઃખાત્મક પણ બનાવી શકીએ છીએ. જે મનુષ્ય હમેશાં પ્રસન્ન અને સુખી રહેવાનું જાણે છે તે કઠિનમાં કઠિન વિપત્તિને સમયે પણ કદિ ગભરાતો નથી. તેનો પ્રસન્ન સ્વભાવ તેનો ભાર હલકો કરે છે અને તેને વિપત્તિઓની સામે થવા સમર્થ બનાવે છે. પરંતુ જે મનુષ્ય હમેશાં ઉદાસ રહે છે અને જે સંસારમાં ચોતરફ દુઃખ જ જોયા કરે છે તેને સર્વોત્કૃષ્ટ સુખ પણ કદિ પ્રસન્ન અને સંતુષ્ટ કરી શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપરાંત પ્રસન્ન વૃત્તિથી સદાચાર અને સદ્દગુણોમાં પણ ઘણી જ વૃદ્ધિ થાય છે. એક વિદ્વાનનું મન્તવ્ય છે કે જે મનુષ્ય હમેશાં પ્રસન્ન રહે છે તેનામાં કોઇને કોઇ ગુણ હોય છે જ. આંગ્લ વિદ્વાન કાર્લાઇલનો મત છે કે જે મનુષ્ય પ્રસન્નચિત્ત હોય છે તેનામાં કોઇ જાતનો દોષ નથી હોતો. મનુષ્યમાં ગમે તેટલા સદ્દગુણો હોય, પણ જ્યાંસુધી તે પ્રસન્ન તથા સુખી રહેવાનું નથી જાણતો ત્યાંસુધી તે સંપૂર્ણતઃ સદ્દગુણી ગણી શકાતો નથી. મનુષ્યમાં સદ્દગુણોની સાથે સુસ્વભાવ નથી હોતો ત્યાંસુધી બધું નકામું છે અને સુસ્વભાવની સૌથી વધારે ઉત્પત્તિ પ્રસન્ન વૃત્તિથી જ થાય છે. દુઃખરૂપી અંધકાર દૂર કરવા માટે પ્રસન્ન વૃત્તિરૂપી સૂર્યની જરૂર છે.

દુઃખને લઇને મનુષ્ય રોગી રહે છે અને તેનું આયુષ્ય ઘટી જાય છે. તેના ચ્હેરા ઉપર કાન્તિ નથી રહેતી અને તેની બુદ્ધિ પણ બ્હેર મારી જાય છે, પરંતુ પ્રસન્નતા અથવા સુખનું પરિણામ એથી ઉલટું હોય છે.જે મનુષ્ય હમેશાં પ્રસન્ન અને સુખી રહે છે તે રોગોથી પણ બચી જાય છે, અને તેનું આયુષ્ય પણ વધે છે. તેનું મુખ હમેશાં પ્રફુલ્લિત અને તેજસ્વી રહે છે અને તેને હમેશાં સારા સારા વિચારોજ સ્ફુરે છે.

જે સુખની આટલી બધી આવશ્યકતા છે અને શોધ થાય છે તે સુખ બીજું કંઇ નથી, પણ માત્ર ચિત્તની પ્રસન્નતા છે. દુઃખોથી બચવાનો સૌથી સરસ ઉપાય મહાભારતમાં આપવામાં આવ્યો છે. એક સ્થળે કહ્યું છે કે—

**भैषज्यमेतद्दुःखस्य यदेतन्नानुचिन्तयेत् ।**

અર્થાત્ મનમાં દુઃખોનો વિચાર ન કરવો એજ એના નિવારણનો સૌથી સરસ ઉપાય છે. તાત્પર્ય એ છે કે જે મનુષ્ય દુઃખોને પોતાનાં મનથી ભૂલી શકે છે–પ્રસન્ન અને આનન્દિત થઇ શકે છે તેજ સુખી છે. વિપત્તિઓ તેમજ કષ્ટોની સામે તો સૌને થવું જ પડે છે; એનાથી કોઇ બચી શકતું નથી. પછી મનુષ્ય પ્રસન્નતા અને સુખપૂર્વક સામે થાય, કે ખેદ અને દુઃખપૂર્વક સામે થાય. આપણું ખિન્ન મન આપણને દુઃખી બનાવી મૂકે છે અને પ્રસન્ન મન આપણને સુખી કરે છે. સુખનું ઉત્પત્તિ સ્થાન આપણું મન જ છે, તે બહારથી આવીને આપણા શરીરમાં ભરાઇ નથી જતું. જે મનુષ્ય પોતાનાં મનની સહાયથી જ સુખી નથી થઇ શકતો તે બીજા કોઇ પણ ઉપાયથી સુખી થઇ શકતો નથી. મનુષ્ય પ્રસન્ન હોય કે ન હોય; પણ જો તે દુઃખોના વિચાર છોડી દે છે તો અવશ્ય સુખી થાય છે. અધ્યાત્મ રામાયણમાં લક્ષ્મણજી કહે છે કેઃ—

**सुखमध्ये स्थितं दुःखं दुःखमध्ये स्थितं सुखं ।**
**द्वयमन्योऽन्यसंयुक्तं प्रोच्यते जलपंकवत् ।।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तस्माद्धैर्येण विद्वान्स इष्टानिष्टोपपत्तिषु ।
न हृष्यन्ति न मुह्यन्ति सर्वमायेति भावनात् ॥

જેવી રીતે પાણી અને કાદવ એક બીજામાં મળીને રહે છે તેવી રીતે સુખ અને દુઃખ પણ એકબીજામાં મળીને રહે છે. એટલા માટે વિદ્વાન્ મનુષ્યો સુખ દુઃખ બન્નેને મિથ્યા સમજીને ધૈર્ય રાખે છે. નથી ખેદ કરતા કે નથી પ્રસન્ન બનતા.

—ચાલુ

## દુનીયાના રંગ.

ગઝલ.

ઘડી તડકો અને છાંયો, દિસે છે રંગ દુનિયાના,
અનુભવથી સકળ જાણી, ભુલો છો શીદને શાણા. ૧
ઘણી ઋદ્ધિ હતી જેને, હતા બગી, બાગ, ફરવાના,
દીઠાં દુઃખમાં ભટકતાં તે, પડયા ટુટાજ ખાવાના. ૨
ઉદય ત્યાં અસ્ત છે અન્તે, ચડ્યા તેતો છે પડવાના,
થઇ ડાહ્યા જે પંકાણા, દિવાના થઇ વગોવાણા. ૩
માન્ધાતા, મુંજને રાવણ, મહા માની જે કહેવાણા,
દશા પલટી તો પળમાંહિ, બની બેહાલ રોળાણા. ૪
ચડ્યા જે હુંપદે પુરા, પડ્યા તે ક્યાં ન જોવાણા ?
રડયા અન્તે એતો એવા, રહે રાખ્યા નહિ છાના. ૫
અરે ! આ વિશ્વ વાડીમાં, ખીલેલા કૈક કરમાણા,
સદા સરખી નહિ રહેશે, ભલે હો રંક કે રાણા. ૬
પ્રસંગો સુખ કે દુઃખના, જીવનમાં કૈક પડવાના,
ખુશી કે નાખુશી સન્તો, જરી એમાં ન કરવાના. ૭
વિચિત્ર રંગો નિહાળીને, નથી જ્ઞાની ફુલાવાના,
ગણી એ કર્મની લીલા, સદા સમભાવ રહેવાના. ૮
નવાં કર્મોને અટકાવી, પ્રભુ પંથેજ જાવાના,
ઉન્નતિ આત્મની સાધી, ભવાબ્ધિ ભારે તરવાના. ૯
ગઝલ વાંચી વિચારીને, સદા સંતોષ ધરવાના,
પડે સુખ—દુઃખ પણ મનસુખ, પછી પરવા ન કરવાના. ૧૦

**મનસુખલાલ ડાયાભાઇ શાહ.—વઢવાણ કેમ્પ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન—ધર્મ.

**ધર્મસ્વરૂપ—**

જૈન ધર્મ અન્ય ધર્મો કિંવા પંથોથી કેટલીક બાબતમાં વિલક્ષણતા ધરાવે છે, તેમાં મુખ્યપણે તેની સ્યાદ્‌વાદશૈલી, ચાર ભાવના અને આત્મા જ કર્મજીવને તોડી પરમાત્મા થઇ શકે છે એ વાત ખાસ ધ્યાન ખેંચે છે.

આગળ દેવ સ્વરૂપમાં જોઇ ગયા તેમ અરિહંત પદ પ્રાપ્ત કરનાર વ્યકિત દેશકાળ તરફ નજર રાખી, ધર્મની પ્રણાલિકા બાંધે છે. ધર્મ અનાદિ ચાલ્યો આવે છે છતાં તીર્થંકર પ્રભુ પોત પોતાના શાસનમાં એને જે રીતે પ્રરૂપવો હોય તે રીતના રસ્તાઓ યોજે છે. અત્રે કહેવાનું એટલું જ છે કે પ્રરૂપક કેવળજ્ઞાન રૂપી દિવ્ય અરીસાથી વિશ્વની સકળ વસ્તુ સંકલના સાક્ષાત્ જોઇલે છે, એટલે અન્ય દર્શનકારોની રચના કરતાં તેઓશ્રીની રચનામાં જરૂર વિલક્ષણતા રહે છે, ને વળી વસ્તુસ્વરૂપનો સત્યપણે ભાસ થાય છે. ગુરૂસ્વરૂપમાં વર્ણવી ગયા તેવા મહાત્માઓ ઉકત જ્ઞાનીના અભાવ સમયે, આજ્ઞાનું જરાપણ ઉલ્લંઘન કર્યા વગર સ્વશકિત અને પ્રાપ્ત કરેલ બુદ્ધિ પ્રભાવ અનુસાર મનુષ્ય ગણની સમજ શકિતપર દ્રષ્ટિ ફેંકી, એને યોગ્ય ભાષા—અલંકાર સજાવી, રજુ કરે છે.

સ્યાદ્‌વાદ શૈલીની અલૌકિકતા એ છે કે તે કોઇ પણ વાતને સર્વથા નિષેધતી પણ નથી તેમ કેવળ એનું સમર્થન પણ નથી કરતી. જૂદી જૂદી અપેક્ષાથી વસ્તુમાં રહેલ સ્વભાવ પ્રમાણે એનું પ્રથક્કરણ કરી સાર ગ્રહણ કરે છે. ભિન્ન ભિન્ન દ્રષ્ટિ બિંદુઓથી એ શૈલીદ્વારા સત્યની તારવણી થઇ શકે છે. તેથી જ એને 'અનેકાંત વાદ' પણ કહેવામાં આવે છે. એનું સંપૂર્ણ સ્વરૂપ જાણ્યા વગર કેટલાક તેને આનશ્ચિતવાદ કહે છે પણ તે સર્વથા ખોટું છે. એમાં ઉંડુ અવગાહન કરવા માટે પ્રચાલત પંથોના ઝગડા કિંવા માન્યતા ફેરો જેવું કંઇજ રહેતું નથી. આ શૈલી અન્ય કોઇ પણ દર્શન કે મતમાં નથી, તેથી જૈનધર્મની એ એક વિલક્ષણતા છે.

ચાર ભાવના એ પ્રસ્તુત ધર્મનુ ખાસ ચિન્હ છે એમ ભારપૂર્વક કહી શકાય. દરેક પંથો પોતાની સત્યતાનો ડંકો બજાવતા અને બીજા સર્વને હલકા ચિતરતા નજરે આવે છે, જ્યારે આ ભાવનાઓથી અલંકૃત થયેલ જૈનધર્મ પોતાના મંતવ્યને દલીલોથી સિદ્ધ કરતાં છતાં બીજામાં રહેલ સત્ય સ્વીકારવાનું જરાપણ વિસરતો નથી. એની ભાવનાઓથી એ અખિલ વિશ્વ સહમિત્ર ભાવ રાખી શકે છે. ભાવનાઓનું સ્વરૂપ વિચારતાં આ વાત સહજ સમજાય તેમ છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**परहितचिंता मैत्री, परदुःख विनाशिनी तथा करुणा ।**
**परसुख तुष्टि मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥**

અથવા બીજી રીતે કહીયે તો.

**सत्त्वेषु मैत्री, गुणिषुप्रमोदम् क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।**
**माध्यस्थभावं विपरीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव ॥**

**ભાવાર્થ:**—( ૧ ) મૈત્રીભાવના, એટલે દુનિયાના સર્વ જીવો સાથે મિત્ર જેવો સંબંધ. જેમ સુહૃદયપરના સંકટને પોતાનું ગણી, યથાશકિત એના નિવારણના ઉપાયો યોજાય છે તેમ પોતા સિવાયના દરેક પ્રાણી સાથે બંધુભાવ રાખી તેના હિતની ચિંતામાં તત્પરતા દાખવવી એનું નામ મૈત્રી ભાવના, ( ૨ ) પ્રમોદ ભાવના એટલે પોતા કરતાં ગુણોમાં જે આત્માઓ અધિક હોય તેમને જોઇ રાજી થવું. અર્થાત્ પારકાના સુખને જોઇ, એની ઉત્કૃષ્ટ દશાને નિહાળી મગ્ન થવું. યાને સંતોષ ધરવો એનું નામ પ્રમોદ. ગુણીનું બહુમાન કરવાથી પોતામાં ગુણો આવે છે અને એથી ઉલ્ટું એ પ્રત્યે રોષ રાખવાથી હોય તે પણ નષ્ટ થાય છે. (૩) કરૂણા એટલે કર્મે જેને દુઃખીઆ બનાવ્યા છે અથવા તો ત્રાસ પમાડી ત્રાહ પોકરાવી છે તેવા જીવોના તાપો હરવાની વૃત્તિ અન્યનું કષ્ટ કેમ નિવારણ થાય એવા જે મનના પરિણામ અને એ સાથે તનના પ્રયત્નો એનું નામ જ કૃપાદૃષ્ટિ. ( ૪ ) માધ્યસ્થ્ય ભાવના, અર્થાત્ સમવૃત્તિ કે તટસ્થવૃત્તિ દુષ્કૃત આચરનાર કે પાપપંકમાં મગ્ન બનેલને ઉપદેશ વારિથી ઘણુંયે સમજાવતાં છતાં જ્યારે તે પોતાના કાર્યમાંથી ન હઠે ત્યારે એ આત્મા ઉપર જરાપણ દ્વેષ ન ચિંતવતાં, કર્મની પ્રકૃત્તિઓ સ્મૃતિમાં લાવી, તે જીવ પ્રત્યે તટસ્થવૃત્તિ ધરવી અથવા તો એના એ કાર્યો પ્રતિ દુર્લક્ષ્ય કરવું એનું નામ મધ્યસ્થતા કે ઉપેક્ષા.

આ ભાવનાઓ–અંતરની પ્રેરણાઓ સો આત્માઓ પ્રત્યે આચરી દેખાડવાની હોવાથી એમાં જૈન–અજૈનપણું જોવાનું નથી. વળી ખુબી પણ એ છે કે અધિકગુણી પ્રત્યે બહુમાન અને ઓછા કે રીબાતા પ્રત્યે દયા જ્યારે સરખા સહ મિત્રતા અને માઠા કાર્યો કરનાર પ્રત્યે શત્રુતા નહિ પણ કેવળ સમતા કે સમભાવ ! જે દર્શનનો આ મુદ્રાલેખ છે તે દર્શન શાશ્વતું હોય તેમાં શી નવાઇ !

આ લક્ષણોવાળો ધર્મ આત્માને કર્મબંધનોથી સત્વર છોડાવી શકે. એ માટે જ એક સ્થાને દાન–શીલ–તપ અને ભાવરૂપ ચાર પ્રકારે ધર્મનિરૂપણ કરાયો છે, છતાં મુખ્યતા તો ભાવનીજ છે. પરિણામની ધારા ભાવનાપર અવલંબે છે એટલેજ ઉક્ત ચારમાં પ્રથમના ત્રણ કરતાં એનું સ્થાન શ્રેષ્ટ છે. ભાવનાના અદ્‌ભુત બળ આગળ દ્રવ્યસંખ્યા, આચાર વિશિષ્ટતા કે તપાનુષ્ઠાન ગૌણ બને છે. ' આત્મા અને કર્મ ' અથવા તો ચેતન અને જડ અગર તો Soul and Matter

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સબંધમાં અરિહંત ધર્મમાં જેટલું કહેવાયું છે તેટલું અન્યત્ર નહીં જડે. સુખોની વ્યાખ્યા પચરંગી છતાં ખરૂં સુખ તે આત્મિકજ છે અને એની પ્રાપ્તિમાં બહારના સાધનો કરતાં, મૂળ એ આત્માના પોતાના ઘરના છતાં અનાદિ કાળથી કર્મરૂપી આવરણોથી ઢંકાયેલા જ્ઞાન–દર્શન અને ચારિત્રરૂપ આંતરિક ઉપચારો ઘણું કરી શકે છે. તેથી જૈન દર્શનકારે ' આત્મા ' અને ' કર્મ ' રૂપ ઉભય વિષયમાં અતિ બારીકાઇથી છણાવટ કરી એવું તો સરસ અજવાળું પાડયું છે કે એના અભ્યાસકને મુક્તકંઠે પ્રશંસા કરી કહેવું પડે કે આ દર્શન અન્ય દર્શનોમાં અદ્વિતીય છે.

જૈન ધર્મના મુખ્ય બે ભાગ પાડવામાં આવ્યા છે. ( ૧ ) સાધુધર્મ ( ૨ ) શ્રાવક ધર્મ. જેઓ સંસારને સર્વથા છોડી દઇ, કેવળ આત્મ કલ્યાણુ અર્થેજ રચ્યા પચ્યા રહેવાનું સ્વીકારે તેમનો સમાવેશ સાધુ વિભાગમાં થાય છે.

પણુ સૃષ્ટિનો મોટો સમુદાય આ નિયમથી પર હોય છે. તેને સંસારની માયા એકદમ છોડવી કપરી લાગે છે, તેવાઓ સારૂં જે ધર્મના નિયમોની સંકલના એ બીજો શ્રાવક ધર્મ.

ખુદ પરમાત્મા મહાવીર દેવ કહે છે કે ઉભય માર્ગે પરમાત્મપદની સિદ્ધિ થઇ શકે છે. એ વાત ઉભય માટે અંકિત કરેલી પ્રતિજ્ઞાઓથી પણુ સમજી શકાય છે કેમકે પરસ્પર ઘણું સામ્ય તેમાં રહેલું છે.

આ ભેદ અધિકારી પરત્વેના છે. માયા જાળને વીર્ય ફોરવી જે જલદી કાપે છે તે સંસારનો પાર સત્વર સાધે છે, છતાં વીર્ય ઉત્કટ દાખવવું પડે છે એ ભુલવું જોઇતું નથી. એનો માર્ગ સાધુપણાનો–સીધો છતાં કંટક બહુલ, ટુંકો છતાં કષ્ટ સાધ્ય, સુંદર છતાં ખાંડાની ધાર સમો પણુ જેનામાં એવી વીર્યની જાજ્વલ્યતા નથી, માયાને કાબુમાં લઇ એની છાતીપર ચઢી બેસવાના પરાક્રમ નથી તેને સારૂ સરળ માર્ગ જોઇએ અને તે શ્રાવકધર્મ. જ્યાં ઝાઝા કષ્ટો વેઠવાના ન મળે અને ઝાઝાં તપો આચરવાના ન હોય ! તેથી આ રસ્તો સરળ છતાં ઘણો વાંકવાળો, સુખસાધ્ય છતાં લાંબા સમયે ફળ આપનારો અને ટુંકમાં કહીયે તો ' વીર ' નો નહિં પણુ ' મધ્યમ ' નો.

સાધુ ધર્મ પાલન સંબંધે પાંચ ' મહાવ્રત ' અને શ્રાવક ધર્મવાળા માટે એમાં કેટલીક રખાયેલી છુટો રૂપ પાંચ અનુવ્રત તથા એ ઉપરાંત ગુણવૃદ્ધિના કારણુરૂપ ત્રણુ ' ગુણવ્રતો ' અને શિક્ષાના આધાર સમાચાર ' શિક્ષાવ્રતો ' મળી ' બારવ્રત ' રૂપ દ્વિવિધ ધર્મ સંબંધે પુષ્કળ કહેવામાં આવ્યું છે. તત્વવિચાર અને વિધિપ્રરૂપણા પર જૈન ધર્મમાં સવિશેષ કહેવાયું છે. એ સાથે નય, નિક્ષેપ કે પાંચ સમવાય અથવા તો સપ્તભંગી કે પ્રમાણુવાદ ને જરાપણુ વિસરવામાં નથી આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનું યથાર્થ માપ કહાડવાને સારૂ કાગળના પૃષ્ટો એ યોગ્ય સ્થાન નથી. ખરૂં સ્થાન તો હૃદયરૂપી ભૂમિકા છે. આમ છતાં એ વિષય સંબંધે આગળપર લખવાનું હોવાથી આટલી સામાન્ય વિચારણાથી વિરમીશું.

ઉપરોક્ત પ્રકારે 'દેવ, ગુરૂ અને ધર્મ' સ્વરૂપમાંથી પસાર થઇ આપણે હવે 'જૈન ધર્મ' ના ભૂતકાળમાં દ્રષ્ટિ ફેંકવાની છે, તે વિના ચાલુ કાળના ઇતિહાસનું પાનુ અધુરૂં ગણાય. વળી તત્વની ચર્ચામાં ભાગ લઈ આત્મા–કર્મના ભેદ–પ્રભેદો નિરખી લેવાના છે, કેમકે તે વગરનું જ્ઞાન ઉપર ટપકીયુંજ લેખાય. વળી આચાર–વિચાર સબંધે જાણી લઇ અન્ય દર્શનો સહ એની તુલના કરી લેવાની છે તે વિના ઇતર કરતાં એની દિશા ભિન્નતા નહીં સમજાય અને છેવટે વર્તમાન પરિસ્થિત સમક્ષ ખડા થવાનું છે. એ બધું સમજવા સારૂં જૈન સાહિત્યમાં ઘણા ગ્રંથો છે. તેના ચાર ભાગ પાડવામાં આવ્યા છે.

( ૧ ) દ્રવ્યાનુયોગના ગ્રંથો–જેમાં કેવળ આત્મા–કર્મ વિ૦ પદાર્થોની વાત વિષે કહેવાયું હોય,

( ૨ ) ગણિતાનુયોગના ગ્રંથો–જેમાં તારા–નક્ષત્રથી માંડી ચંદ્ર–સૂર્યને પલ્યોપમ સાગરોપમ આદિ ગણત્રીના ખ્યાન હોય.

( ૩ ) ચરણ કરણાનુયોગના ગ્રંથો–જેમાં સાધુ–શ્રાવકને પાળવાના નિયમો અને કરવાની વિધિઓ વિષે લખાણ હોય.

( ૪ ) ચરિતાનુયોગના ગ્રંથો–જેમાં મહાપુરૂષોના જીવન ચરિત્રો અને કથાઓ આદિ હોય. આપણે એની સ્હાય લઈ જૂદી દિશાએ આગળ વધીશું.

**મો. દી. ચોકસી.**

# જીવનની અગમ્યતા

## ( એક સંવાદ રૂપે. )

( મંદાક્રાન્તા )

**બાળ:—**

ઓ માતાજી જીવન સઘળું આ બધું શું કહે છે ?
શા આ ભૂરી વિષય જગના માનવીને ખીંચે છે ?
હા ! જે વિષયો જગતજનને તીવ્ર તાપે તપે છે,
તેમાં પાછો **પતંગવત્** એ શીદને ઝંપલાવે ? (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માતા:—**

' નિર્બળતા ' જે જગત જનની વ્યકત થાયે બધીએ,
જેને અંગે ચતુર નર પણ સ્વાત્મના ગુણ ભૂલે;
એ નિર્બળતા સહજ જનની માનવીને પીડે છે,
ને સૌ વિષયો જગતભરના સ્હેજ તેને ખીંચે છે. (૨)

**બાળ:—**

પણ માતાજી ! જીવનનુર બધું તેહનું ચાલી જાયે,
ને ભાસે હા ! જીવનભરમાં શુષ્ક આ સૌ પદાર્થો,
ચાલી જાયે મનુજગણુની દિવ્ય સૌ શકિતઓ'ને,
કાયો તેના અથીરમનના ચેતના હીન લાગે. (૩)

**માતા:—**

સાચું વદવું સરલ દીલનું બાળ તારૂં દીસે છે,
શબ્દો તારા મુજ હૃદયને બાણથી ભેદી દે છે;
સારા જગના અંતર દુઃખડા આજ હું જોઉ છું રે,
પણ હા ! તારા નયનયુગથી અશ્રુ આ શા સરે છે? ૪

**બાળ:—**

ઓ માતાજી હૃદય મુજ હા ! દુબલું છે ઘણું રે,
જોઇ આજે નયનસમીપે માતના આ કરો બે;
માગુંયાચું કરગરી તુને એક દો આશી[1] એવી,
જેથી જાયે હૃદય મળને દુબલી વૃત્તિઓ સૌ. ( ૫ )

**માતા:—**

માતા બોલ્યા અધીર મન છે બાળ તારૂં અહા શું !
વેણો તારા કરૂણ દીલના શબ્દ મારા રૂંધે શું !!
" જા, જા, જાજે જગતભરમાં ' **નિર્મળો** ' દીલડે તું,
ને વૃત્તિઓ સબળ તુજ થઇ દોરજો **'સત્યપંથે'** ૬

( રા. નિર્મળ. )

---

૧ આશી—આશીષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગીઆર અંગોમાં નિરૂપણ કરેલ તીર્થંકર ચારિત્ર.

ગતાંક ૨ જા ના પૃષ્ટ ૪૨ થી શરૂ.

## ( સમવાયાંગ સૂત્ર. )

૬૮ ધાતકી ખંડમાં અડસઠ ચક્રવર્તી વિજયો છે. અડસઠ રાજધાનીઓ છે, ત્યાં ઉત્કૃષ્ટપણે અડસઠ અરિહંતો થયા હતા થયા છે ( અજીતનાથ પ્રભુના વારામાં ) અને થશે. એજ પ્રમાણે ચક્રવર્તિ બળદેવ અને વાસુદેવ માટે પણ સમજવું* પુષ્કરદ્વીપાર્ધમાં અડસઠ વિજયો હોય છે એજ રીતે યાવત........વાસુદેવો હોય છે.

વિમલનાથ ભગવાનના સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા અડસઠ હજારની હતી.

૯૦–શીતલનાથ ભગવાન નેવું ધનુષ્ય ઉંચા હતા. અજીતનાથ ભગવાનને નેવું ગણો અને નેવું ગણધરો હતા. શાંતિનાથ ભગવાનને પણ ( ગણો–ગણધરો નેવું હતા ) +૧૩ સ્વયંભૂ વાસુદેવે નેવું વર્ષે પૃથ્વીનો વિજય કર્યો.

૧૩૪–શ્રમણભગવાન મહાવીર તીર્થંકરના ભવથી પૂર્વના છઠ્ઠાપોટ્ટિલના ભવમાં એક ક્રોડ વર્ષનો દિક્ષાપર્યાય પાળીને સહસ્રારકલ્પના સર્વાર્થ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ×૧૪

---

* ૧૫. ભાવનગરથી શેઠ કુ૦ આ૦ સં. ૧૯૮૪ ના અ. વ. ૪ શનિના પત્રમાં લખે છે કે " એક વિદેહની બત્રિશ વિજયમાં ૩૨, અને એક ભરતમાં ૧ તથા ઐરવતમાં ૧ એમ જંબુદ્વીપમાં ઉત્કૃષ્ટપણે કુલ ૩૪ તીર્થંકરો હોય છે પરંતુ ચાર વિજયમાં ચાર તીર્થંકરો વિહરમાન ( કાયમી વિદ્યમાન ) હોવાથી ચક્રવર્તી બળદેવ કે વાસુદેવ ઉત્કૃષ્ટપણે ૨૮+૧+૧=૩૦ હોય છે આ રીતે ધાતકી ખંડ તથા પુષ્કરાવર્તમાં બમણાં બમણાં ક્ષેત્રો હોય છે. ઉત્કૃષ્ટપણે તીર્થંકર ૬૮ અને ચક્રવર્તી બળદેવ કે વાસુદેવ ૬૦ થાય છે " એમ અન્યત્ર ઉલ્લેખ છે.

+ ૧૩ આવશ્યકસૂત્રમાં અજીતનાથ ભગવાનનાં ૯૫ અને શાંતિનાથ ભગવાનના ૩૬ ગણધરો કહ્યા છે.

× ૧૪ શ્રમણ ભગવાન મહાવીરના સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ ત્યારથી પ્રારંભીને તીર્થંકર થયા ત્યાં સુધીના ૨૭ ભવો ગણાય છે. જે પૈકીના ત્રિ૦ શ૦ પુ૦ ચ૦ પર્વ ૧૦ મું તથા કલ્પસૂત્ર સુખબોધિકામાં છેલ્લા સાત ભવો તરીકે—" ૨૧–ચોથી નારકીમાં, ૨૨–અનેક ભવો ભમ્યા પછી મનુષ્યપણું કે જ્યારે શુભ–પુણ્યનું ઉપાર્જન કર્યું છે, ૨૩ પ્રીયમિત્ર ચક્રવર્તી કે જ્યારે પોટ્ટિલાચાર્ય પાસે દિક્ષા લઇ ક્રોડ વર્ષ તપ કર્યો, ૨૪ ( મહા ) શુક્ર દેવલોકના સર્વાર્થ વિમાનમાં દેવ, ૨૫–છત્રાનગરીનો રાજકુમાર નંદન ૨૬–પ્રાણાતકલ્પમાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં દેવ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩૫–ઋષભદેવ ભગવાનથી અંતિમ મહાવીર સ્વામીનું આંતરૂં એક કોડાકોડી સાગરોપમનું છે ×૧૫ (પહેલાના અંકોમાં લખાએલ લેખનો સુધારો-વધારો)

૧૫૭–તીર્થંકરો ( ગાથા ૧ થી ૪૪ )

તે કાળ ને તે સમયને વિષે કલ્પનું સમવસરણ જાણવું. યાવત....સાપત્ય નિરપત્ય મોક્ષે ગયા ૧૬.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગત ઉત્સર્પિણી કાળમાં સાત કુલકરો થયા છે. તે આ પ્રમાણે- મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલઘોષ, સુઘોષ અને મહાઘોષ ( ગાથા ૧ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગત અવસર્પિણી કાળમાં દશ કુલકરો થયા તેના નામો–સ્વયંજલ, શતાયુ, અજીતસેન, અનંતસેન, કાર્યસેન, ભીમસેન, મહાભીમસેન, દૃઢરથ, દશરથ અને શતરથ ( ગાથા ૨ )

---

અને ૨૭–શ્રમણ ભગવાન **મહાવીર** કે જ્યારે તીર્થંકર થયા " એમ યાદી આપી છે. પરંતુ સમવાયાંગસૂત્રની **ટીકામાં** " ૨૩–પોટ્ટિલ રાજકુમાર કે જ્યારે ક્રોડ વર્ષ સુધી દિક્ષા પાળી છે, ૨૪–( સહસ્રાર દેવલોકના સર્વાર્થસિદ્ધ વિમાનમાં ) દેવ, ૨૫–છત્રાનગરીનો રાજકુમાર **નંદન**, ૨૬–દશમા દેવલોકના પુષ્પોત્તર વરવિજય પુંડરિક વિમાનમાં દેવ, ૨૭–બ્રાહ્મણકુંડ ગ્રામના ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભપણે, અને ૨૮–સિદ્ધાર્થ ત્રિશલા ક્ષત્રિયાણીના પુત્ર કે જ્યારે તીર્થંકર થયા છે " એ પ્રકારની યાદિ મળે છે તો અહીં છઠ્ઠો ભવ કયો લેવો ? તે સમજી શકાતું નથી. વળી શ્રમણ ભગવાન મહાવીર ૨૨ મા ભવમાં મનુષ્ય થયા છે, પુણ્યોપાર્જન કર્યું છે પરંતુ ત્યાંથી કઇ ગતિમાં જઇ ચક્રવર્તી થયા તેનો ખુલાસો મળતોજ નથી. તો કદાચ આ બીના ૨૨ મા ભવ સાથે સંબંધવાળી નહીં હોય ? આ વિષયમાં વિશેષ ગ્રંથો તપાસી સ્પષ્ટતા થવાની જરૂર છે. લેખક.

× ૧૫ અહીં કંઇક અધિક એવા ૪૨૦૦૦ વર્ષ ઓછા રહે છે છતાં આ સંખ્યા નાની હોવાથી ગૌણતામાની એક કોડાકોડી સાગરોપમ કહેલ છે. ટીકાકાર.

એટલે કે **ઋષભદેવ** ભગવાનના નિર્વાણથી **મહાવીર**સ્વામીના જન્મકાળનું આંતરૂ ૪૨૦૭૨ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનું છે. તથા **ઋષભદેવ** ભગવાનના નિર્વાણથી **મહાવીર**સ્વામીના નિર્વાણ સુધીનું આંતરૂ ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનું છે.

* ૧૬ અહીં **આવશ્યક** સૂત્રમાં કહેલ કલ્પભાષ્યના ક્રમથી સમવસરણની વકતવ્યતા જાણવી અથવા પર્યુષણાકલ્પના અનુક્રમથી સમવસરણ વકતવ્યતા જાણવી અને તે ગણધરોના અધિકાર સુધી જાણવી; તેમાં પાંચમા સુધર્મગણધર શિષ્યપરંપરાવાળા હોવાથી સાપત્ય ( સશિષ્ય ) છે અને બાકીના દશ ગણધરોની શીષ્ય સંતતિ સુધર્માસ્વામીના સમુદાયમાં મળી જવાથી નિરપત્ય ( શિષ્ય સંતતિ રહિત ) છે તથા નવ ગણધરો મહાવીર તીર્થંકરની હૈયાતીમાં અને ઇંદ્રભૂતિ તથા **સુધર્માસ્વામી** એ બે ગણધરો મહાવીર પ્રભુના નિર્વાણ પછી મોક્ષે ગયા છે. ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ આવસર્પીણી કાળમાં સાત કુલકરો થયા તેનાં નામો –વિમલવાહન, ચક્ષુષ્મા, યશોમાન, અભીચંદ્ર, પ્રસેનજીત, મરૂદેવ અને નાભી (૩)

આ સાત કુલકરોને સાત સ્ત્રીઓ હતી તેનાં નામ–ચંદ્રયશા, ચંદ્રકાંતા, સરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા, અને મરૂદેવી ( ૪ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં ( ચોવીશ ) તીર્થંકરોના ચોવીશ પિતા હતા તેનાં નામો–નાભિ, જીતશત્રુ, જીતારી, સંવર, મેઘ, ધર, પ્રતિષ્ઠ મહુસેન, ક્ષત્રિય, સુગ્રીવ, દઢરથ, વિષ્ણુ, વસુપૂજ્ય, કૃતવર્મા, સિંહસેન, ભાનુ, વિશ્વસેન, સુર, સુદર્શન, કુંભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વસેન અને સિદ્ધાર્થ ક્ષત્રિય. આ તીર્થ પ્રવર્તક જીનેશ્વરના પિતા અભ્યુદય પામતા કુલવંશમાં ઉત્પન્ન થએલા વિશુદ્ધવંશવાળા અને ગુણવાન હોય છે. ( ૫–૬–૭–૮. )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના તીર્થંકરોની ચોવીશ માતાઓ હતી તેનાં નામ–મરૂદેવી, વિજયા, સેના, સિદ્ધાર્થા, સુમંગલા, સુસીમા, પૃથ્વી, લક્ષ્મણા, રામા, નંદા, વિષ્ણુ, જયા, શ્યામા, સુયશા, સુવ્રતા, અચિરા, શ્રીકા, (શ્રી) દેવી, પ્રભાવતી, પદ્મા, વપ્રા, શિવા, વામા અને ત્રિશલાદેવી (૯–૧૦)

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં **ચોવીશ તીર્થંકરો** થયા તેના નામ ૧ ઋષભ, ૨ અજીત, ૩ સંભવ, ૪ અભિનંદન, ૫ સુમતિ, ૬ પદ્મપ્રભ, ૭ સુપાર્શ્વ, ૮ ચંદ્રપ્રભ, ૯ સુવિધિપુષ્પદંત, ૧૦ શીતલ, ૧૧ શ્રેયાંસ, ૧૨ વાસુપૂજ્ય, ૧૩ વિમલ, ૧૪ અનંત, ૧૫ ધર્મ, ૧૬ શાંતિ, ૧૭ કુંથું; ૧૮ અર, ૧૯ મલ્લિ, ૨૦ મુનિસુવ્રત, ૨૧ નમિ, ૨૨ નેમિ, ૨૩ પાર્શ્વ અને ૨૪ વર્ધમાન.

આ ચોવીશ તીર્થંકરોના **પૂર્વભવ**ના ચોવીશ નામો છે. તે આ પ્રમાણે– વજ્રનાભ, વિમલ, વિમલવાહન, ધર્મસિંહ, સુમિત્ર, ધર્મમિત્ર, સુંદરબાહુ, દીર્ઘબાહુ, યુગબાહુ, લષ્ટબાહુ ( લબ્ધબાહુ ), દિન્ન, ઇંદ્રદત્ત, સુંદર, માહેંદ્ર, સિંહરથ, મેઘરથ, રૂપી, સુદર્શન, નંદન, સિંહગીરી, અદીનશત્રુ, શંખ, સુદર્શન, અને નંદન. એ આ અવસર્પિણીના તીર્થંકરોના પૂર્વભવો જાણવા (૧૧–૧૨–૧૩–૧૪).

આ ચોવીશ તીર્થંકરોની ચોવીશ શિબિકાઓ હતી. તેનાં નામ સુદર્શના, સુપ્રભા, સિદ્ધાર્થા, સુપ્રસિદ્ધા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજીતા, અરૂણપ્રભા, ચંદ્રપ્રભા, સુરપ્રભા, અગ્નિપ્રભા, વિમલા, પંચવર્ણા, સાગરદત્તા, નાગદત્તા, અભયંકરા, નિવૃત્તિકરા, મનોરમા, મનોહરા, દેવકુરા, ઉત્તરકુરા, વિશાલા, અને ચંદ્રપ્રભા, દરેક સર્વ જગત્વત્સલ, જીનવરેન્દ્રોને સર્વ ઋતુમાં સુખ આપનાર છાયાવાળી શિબિકાઓ હોય છે. આ શિબિકાઓને પ્રથમ હર્ષિત રોમવાળા મનુષ્યો ઉપાડે છે ત્યારપછી અસુરેન્દ્રો, દેવેન્દ્રો અને નાગેન્દ્રો ઉપાડે છે. જે ( અસુરેન્દ્ર વિગેરે ) ચલચપળ કુંડળવાળા હોય છે. પોતાની રૂચિ પ્રમાણે વિકુર્વેલ આભરણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદ્યાર્થી વિભાગ વાંચન.

## ખરા યુવક વિદ્યાર્થીની અંગત ફરજ ભરી ભાવના.

( લેખક–સ. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧ જે ભારત ભૂમિમાં હું નિવસું છું તેમાં આશરે ૩૩ ક્રોડ મનુષ્યોમાંથી કંઇક ક્રોડ મનુષ્યોને પેટ પૂરતું અન્ન પણ ખાવા મળતું નથી, તેવા દુ:ખી દેશમાં મારે વિવિધ જાતના ખાનપાન, મોજશોખનાં સાધનો જેવાં કે નાટક સીનેમા વિ૦ એશઆરામ અને ખોટા ખાનપાનમાં નકામા ખર્ચો કરવા કરાવવા બીલકુલ શોભતા નથી. વળી આ દેશ અજ્ઞાન, કુરૂઢીઓ, કુસંપ ને ધર્માંધતાથી દુ:ખી થઇ રહ્યો છે તેવી સ્થિતિમાં મારે તન મન ધન અને સત્તાની સઘળી શક્તિઓનો ઉપયોગ સુશિક્ષા; સંપ, સુશીલતા અને સંયમની વૃદ્ધિ થાય તેમ કરવો–કરાવવો ઘટે છે. અત્યારે ગતાનુગતિકતા તજી આંખ ખોલી સુવિવેક ધારી ડહાપણથી વર્તવાની ખાસ જરૂર છે,

---

વાળા હોય છે. અને દેવો તથા અસુરોથી વંદન કરાતા જીનવરની શિબિકાને વહે છે. તેમાં પૂર્વ તરફ દેવો, દક્ષિણ બાજુ નાગકુમારો, પશ્ચિમ તરફ અસુરો, અને ઉત્તર તરફ સંપૂર્ણ કુમારો રહી શિબિકાને વહે છે. ( ગાથા ૧૫ થી ૨૧ સુધી )

ઋષભદેવ ભગવાન વિનિતાથી અરિષ્ટનેમી દ્વારિકાથી અને બાકીના તીર્થંકરો પોતપોતાની જન્મભૂમિથી ( દીક્ષા માટે ) નીકળ્યા હતા. ૨૨

સર્વે તીર્થંકરો એક દેવદૂષ્ય ( વસ્ત્ર ) થી નીકળ્યા હતા, ચોવીશ જીનવરો અન્યલીંગે કે ગૃહસ્થલીંગે કુલીંગે નીકળ્યા ન હતા (પણ સાધુ લીંગે જ હતા) ૨૩

ભગવાન મહાવીર એકાકી પાર્શ્વનાથ અને મલ્લિનાથ ત્રણસો ત્રણસો સાથે વાસુપૂજ્ય ભગવાન્ છસો પુરૂષો સાથે ઋષભદેવ ભગવાન ઉગ્રભોગ, રાજન્ય અને ક્ષત્રિયકુળનાં ચાર હજાર પુરૂષો સાથે અને શેષ ( ઓગણીશ ) તીર્થંકરો હજાર હજાર પુરૂષો સાથે દીક્ષીત થયા. ( ૨૪–૨૫ ) ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ સમસ્ત ભારતમાં અને મારામાં એકતા, ગુણાનુરાગ, સેવાભાવના, વીરતા, સત્યપ્રિયતા, સત્યધર્મ સેવા, અહિંસક ભાવના અને ન્યાય માર્ગને સેવવામાં ઉત્કૃષ્ટ પુરૂષાર્થ પ્રકટ થાઓ !

૩ સારી ભાવના, સારૂં વાંચન, મનન અને સત્સંગ તથા વિષય વાસના ઉપર કાબુ મનના દોષો દૂર કરે છે અને તત્ત્વજ્ઞાન—આત્મજ્ઞાન આત્માના દોષોથી વિકારોથી બચવા માર્ગ દેખાડે છે, અને સચ્ચારિત્ર આત્માને શુદ્ધ કરે છે; આવી સદ્વિદ્યા હું પ્રાપ્ત કરીશ.

ઇતિશમ્.

## જીવન દોરી.

સારા કુળની પણ કલેશ પ્રકૃતિવાળી એક બ્હેનને એક ઉત્તમ વિશાળ કુટુંબના નબીરા સાથે પરણાવી હતી, પરંતુ તેના કલેશી સ્વાભાવથી આખું કુટુંબ ત્રાહિ ત્રાહિ થઇ ગયું હતું. તે પરણી આવેલ બ્હેન પણ કષાયથી પોતે દુ:ખી દુ:ખી થઇ ગઇ હતી. અંતે તેણે પોતાના પીયરમાં ભાઇને પોતાના ભારે દુ:ખની ખબર આપી એક વાર અવશ્ય પોતાને ઘરે પધારવા વિનંતિ કરી. તે રીતે સાસરીઆઓએ પણ તેના ભાઇને પોતાની હકીકત જાણી તેનો અંત આવે એવો કોઇ ઉપાય કરવા પધારવાની વિનંતિ લખી; તે બન્ને વિનંતિ પત્રોનો આશય વિચારતાં પોતાની બ્હેનનો કલેશી સ્વભાવ મટે એવો ઉપાય કુશળતાથી ચિંતવી જાણે પોતે રોગ ગ્રસ્ત થયો હોય એવા રૂપે ત્યાં આવી હાજર થયો. એથી સહુ ખુશી થયા. પોતે જ્યારે બ્હેનને મળ્યો ત્યારે તેની તબીયત વધારે બગડેલી જેવી જણાતાં બ્હેને પોતાનું દુ:ખ વિસારી મૂકી ભાઇનું દુ:ખ મીટાવવા ચાંપતા ઉપાય કરવા તેને ખૂબ આજીજી કરી, ગમે તે ભોગે પણ ભાઇનું દુ:ખ દૂર કરવા બેનની લાગણી જોઇ ભાઇએ પ્રથમથી ચિંતવી રાખેલ ઉપાય જણાવી તેમાં રહેલી ભારે મુશ્કેલીનો ખ્યાલ આપ્યો; પરંતુ બ્હેને તેનું દુ:ખ દૂર કરવા ગમે તેટલી મુશ્કેલી સહન કરી લેવા પૂરી ઇચ્છાને અને તૈયારી દર્શાવી, એટલે ભાઇએ કહ્યું કે બેન ! જો તું આ જીવન દોરી જે હું તૈયાર કરી લાવ્યો છું તે છ મહિના સુધી સાવધાન પણે મુખમાં રાખી અમુક શાંતિપાઠ જપે તો મારા દુ:ખની આપો આપ શાંતિ થઇ આવે, બ્હેને તેમ કરવા કબુલ્યું અને એમ વ્યવસ્થા ચાર છ માસ પર્યંત જીવનદોરી મુખમાં રાખવાથી ( જીભને વશ રાખવાથી ) સહુના દુ:ખનો અંત આવ્યો; સુખના અર્થી સહુએ એ ઉપરથી ભારે ધડો લેવા જેવો છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આતે જીવની કેવી જડતા ?

૧ મોહની ગાઢ નિંદમાં પડેલા જીવ બે ભાન બની ગયો છે.

૨ તેમાંથી ઢંઢોળી જગાડવા કોઇ કોઇ ઉપકારી જનો પ્રયત્ન પણ કરે છે છતાં અભાગી જીવ જાગતો નથી. પોતે પ્રમાદમાં પડયો ઘોર્યા કરે છે.

૩ આ માનવ ભવ, આર્યદેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, પ્રમુખ દુર્લભ સામગ્રી કેટલી મુશીબતે પામ્યો છે. તેનું પણ તેને જાણે કશું ભાન નથી.

૪ આ માનવ ભવ દશ દષ્ટાંતે દુર્લભ કહ્યો છે.

૫ પરંતુ મદ વિષય કષાયાદિ પ્રમાદવશ જીવ તેને એળે ગુમાવી રહ્યો છે.

૬ મધુબિંદુની જેમ નજીવા ક્ષણિક વિષય સુખમાં કેટલો બધો લોભાઇને કેટલો બધો દુઃખી થઇ રહ્યો છે.

૭ કોઈ ઉપકારી જ્ઞાની ગુરૂ તેને તેની ભયંકર સ્થિતિનું ભાન કરાવવા અને બનતા પ્રયાસે તેને તેના મહાદુઃખ કૂપમાંથી ઉદ્ધરતા વિદ્યાધરની પેઠે હિતભરી પ્રેરણા કર્યા કરે છે, પરંતુ તે અભાગી જીવ પેલી વિષયતૃષ્ણા તજી તેમના શરણે જતાં વિલંબ કર્યા કરે છે.

૮ સંસાર ચક્રમાં ભમતાં અનંતીવાર વિવિધ વિષયોથી સુખ પામી ચુકયો છે છતાં જાણે પ્રથમ કોઇવાર પામ્યો જ ન હોય તેમ અત્યારે તુચ્છ વિષય સુખમાં મુંઝાઇ રહ્યો છે અને ખરૂં ધાર્મિક કર્તવ્ય આત્મસાધન કરવાનું ભૂલી પરિણામે પાછળ જન્મ મરણના ફેરામાં પડે છે.

ઇતિશમ્

## સૂક્ત વચનો.

૧ વાસના બે પ્રકારની છે. શુદ્ધ અને અશુદ્ધ. શુદ્ધ વાસના જન્મ મરણના ફેરા ટાળે છે, ને અશુદ્ધ વાસના વધારે છે.

૨ ઇષ્ટ-અનિષ્ટ ( શુભ-અશુભ ) શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ પામીને જે હર્ષ-ખેદ કરતો નથી, તેમાં સમભાવ વધારે છે, સાક્ષી રૂપે રહે છે તે આત્મા **શાંત** કહેવાય છે.

૩ જે ઇંદ્રિયોને કબજે રાખી શકે, સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ ધારે છે, ભાવિની ઇચ્છા રાખતો નથી, અને સહેજે પ્રાપ્ત થાય તેને દ્વેષવશ તજતો નથી તે **શાંત** કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ મરણ, ઉત્સવ તેમજ યુદ્ધમાં જેનું અંતઃકરણ ચંદ્રકિરણ સમુ શીતળ અને આકુળતા વગરનું રહે છે તે શાંત કહેવાય છે.

૫ શમથી શ્રેય પ્રાપ્ત થાય છે. **શમજ** પરમ પદ છે. શમજ શિવસ્વરૂપ, શમજ શાંતિરૂપ, ને શમજ ભ્રાંતિભંજક છે.

૬ સંતોષ, સાધુસંગ, સદ્વિચાર ને શમ એ ચારવાનાં માણસોને ભવસાગરથી પાર ઉતરવાના ઉપાયરૂપ છે.

૭ સંતોષ પરમ લાભરૂપ છે; સત્સંગ પરમ ગતિરૂપ છે; સદ્વિચાર પરમ જ્ઞાન રૂપ છે ને શમ પરમ રત્ન રૂપ છે.

૮ બાળપણમાં અજ્ઞાનથી, યૌવનમાં કામ ઉન્માદથી અને વૃદ્ધ વયમાં સ્ત્રી વિગેરેની ચિંતાથી અત્યંત પીડિત થયો છતો જડ–આત્મા સ્વહિત ક્યારે કરી શકે ?

૯ સુગુરૂ ઉપદેશ ને શાસ્ત્રાર્થ જાણ્યા વગર આત્માને ઓળખી શકાતો નથી. સદ્ગુરૂનો ઉપદેશ અને શાસ્ત્રાર્થ એ ઉભયનો સંયોગ સત્તા જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે; તે વગર જીવ મિથ્યા ભ્રમવશમાર્ગ ભૂલી અવળે માર્ગે ચઢી અનેક પ્રકારનાં દુઃખ પામે છે. **ઇતિશમ્**

# પ્રકીર્ણ.

૧ ભ્રમમાં પડી જીવ પોતે અનેક ભૂલો કરે છે અને પરિણામે ઇચ્છા વગર પણ અનેક દુઃખ પામે છે.

૨ સમ્યગ્જ્ઞાનપ્રકાશ યોગે વસ્તુતત્વનો યથાર્થ બોધ થતાં અનાદિભ્રમ ભાંગે છે તેથી જીવ ગંભીર ભૂલ કરતો અટકે છે અને દુઃખનો જલ્દી આરો આવે છે.

૩ ખરી વિદ્યા તે છે કે જેથી આત્માનો ઉદ્ધાર થાય, કર્મનો અંત થાય, જન્મ મરણનો નાશ થાય અને સર્વ ઉપાધિ રહિત પરમપદ–મોક્ષની ( અવિનાશી અક્ષય સ્થિતિ ) કાયમને માટે પ્રાપ્તિ થાય. આવી ઉત્તમ વિદ્યાથી ખરી શ્રદ્ધા પ્રકટે છે અને એથી સંયમ માર્ગનો આદર કરાય છે. ખરી પતિતપાવની વિદ્યાના વખાણ કરીયે તેટલા ઓછા છે. **ઇતિશમ્**

સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રીવિભાગ વાંચન.

સ્ત્રીકર્ત્તવ્ય કેવું હોવું જોઇએ ? તે હવે અહિં બતાવીએ છીએ. ઘરરૂપ રાજ્યની રાણી સ્ત્રી છે, પરંતુ ખેદની વાત છે કે તેવા પ્રકારના શિક્ષણની ખોટના અભાવે તે ઘરની અધિકારી બની શકતી નથી. એક વિદ્વાને તો એમ પણ કહેલ છે કે પતિની મર્યાદા, પતિસેવા તથા ધર્મ કર્મના આચારવિચાર અને વર્તનના વિષયનું જેને જ્ઞાન મળેલું ન હોય તેવી કન્યાને પરણાવવી તે માતપિતાનું અકર્ત્તવ્ય છે; છતાં લગ્ન થતાં હોવાથી આપણા દેશની સ્ત્રીઓ કોઈ ઠેકાણે દાસીના જેવી, કોઇ ઠેકાણે રમતની પુતલીના જેવી દશામાં પોતાનું જીવન ગુજારે છે. ઘર એ લક્ષ્મીનું નિવાસ સ્થાન છે. ગૃહિણી એ ઘરની લક્ષ્મી સ્વરૂપ છે. ઘરને ધન અને જનથી પરિપૂર્ણ કરવું, વ્યવહારની જરૂરીયાતો હોય તે પુરી પાડવી, ઘરની દરેક ચીજ બરાબર સાફ–સ્વચ્છ અને વ્યવસ્થિત ગોઠવવી એ સ્ત્રીનું કર્ત્તવ્ય કર્મ છે. ગૃહિણી ધનની રક્ષક અને ખરચ તથા સંગ્રહનું મૂળ છે. જે ઉત્તમરૂપે વિભુષિત, પતિવ્રતા, પ્રિય વચન બોલનારી, કરકસરથી ખરચ કરનારી, દ્રવ્યસંગ્રહમાં પ્રયત્નવાન, દેવગુરૂની ભકિત જેને પ્રિય હોય, આતિથ્યનો સત્કાર કરનારી, ઘરને સ્વચ્છ રાખનારી' ઇંદ્રિયોને જેણે વશ કરેલ હોય, કલેશકંકાસથી દૂર રહેનારી, દયાળુ, અતિ લોભ વગરની ધર્મમાં જેનું મન લાગેલું હોય આવી સ્ત્રીઓમાં લક્ષ્મી વાસ કરે છે. વિદ્વાન મનુષ્યોએ ઘરને મુખ્ય વિદ્યાલય–શિક્ષણનું સ્થાન કહેલું છે અને પ્રથમ શિક્ષણની શરૂઆત પણ ત્યાંથી થાય છે. બાળકની ચાલચલગતનું બંધારણ અને ભવિષ્યની ઉન્નતિ એ પિતા કરતાં માતાના ગુણદોષ ઉપર ખાસ આધાર રાખે છે.

ઘર એક આ સંસારમાં એક નાનું સરખું રાજ્ય છે. આ રાજ્યની અધિષ્ઠાત્રી દેવી ગૃહિણી છે. રાજ્ય ચલાવવા માટે જેમ વિદ્વાન, ધનવાન, સદ્ગુણી, બુદ્ધિમાન્ રાજ્યવફાદાર, રાજ્યકુશળ, વેપાર નિપુણ, ન્યાયી, ધર્મીષ્ઠ મનુષ્યો વગેરેનું પાલન કરવાનું અને અધર્મી પાખંડી લોકોને યોગ્ય શિક્ષા કરી કબજામાં રાખવાનું હોય છે, ઉપજ ખર્ચની ગણત્રી અને હિસાબ રાખવો પડે છે, વગેરે અનેક કાર્યો પ્રત્યે કર્તવ્ય પરાયણ રહેવું પડે છે, તેજ પ્રમાણે ઘરરૂપી રાજ્યવહીવટ અને સંરક્ષણ કરવાના સંબંધમાં ગૃહિણીનુંજ મુખ્ય કર્ત્તવ્ય છે. અને તેના તે કર્તવ્ય ઉપર ઘરની સુખશાંતિ, ઉન્નતિનો પણ સ્ત્રીના ગુણ ઉપરજ આધાર છે. આ દુઃખમય સંસારમાં કઠોર કર્ત્તવ્યકર્મ, સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધિ અને કમાવા વગેરે વ્યવહારની અનેક ચિંતાથી બળીઝળી ગયેલા પુરૂષને ઘર એકજ માત્ર આનંદમય અને શાંતિનું સ્થાન છે અને ગૃહિણી એ એવા આશ્રમ સ્થાનની આનંદ આપનારી શાન્તિ દેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંગ્લ કવી બર્કે કહેલું છે કે "હું બહારનો કલહ, વિવાદ, અને અશાંતિ છોડીને જ્યારે ઘેર પાછો આવું છું ત્યારે શરીર ખીલે છે અને આત્મામાં શિતલતા થાય છે." જેના ઘરમાં મા નથી અને સ્ત્રી કડવા વચન બોલનારી છે તેણે અહિં રહેવા કરતાં જંગલમાં ચાલ્યા જવું સારૂં છે એમ ચાણક્ય પંડિત કહે છે. આવું અનેક વિદ્વાનોનું કથન છે જેથી ખરેખરી ગૃહિણી થવાની ઇચ્છક સ્ત્રીઓનું કર્ત્તવ્ય છે કે પોતાનું ઘર ખરા આનંદનું આશ્રમ અને શાન્તિનું સ્થાન થાય, તેના ઉપર સતત નિરંતર, દૃષ્ટિ રાખવી. ખરેખરી ગૃહિણી સદા હસતા મુખવાળી, ઇર્ષા દ્વેષ વગરની, મીઠું બોલનારી, નિરાભીમાની હોવી જોઇએ. ઘરને પ્રેમમંદિર, ધર્મમંદિર શુદ્ધવ્યવહાર મંદિર બનાવવાનું કર્ત્તવ્ય સ્ત્રીઓનું છે. (ચાલુ)

---

## ૧ શ્રી પંચસૂત્ર પૈકી તૃતીય પ્રવ્રજ્યા ગ્રહણવિધિ સૂત્ર–ભાવાર્થ
### (ટીકાના આધારે)

ગતાંક ૫ માના પૃષ્ટ ૧૧૮ થી શરૂ

### 'ભાગવતી દીક્ષા લેવાના અર્થીને ખાસ કરીને સાવચેતી રાખવાની જરૂર'

સાધુ–ધર્મ (સંયમ-માર્ગ) ને સારી રીતે સમજી લીધા પછી પૂર્વે વર્ણવ્યા એવા ગુણવાળા ભાવિત આત્માએ, **માતાપિતાદિક સ્વજનોને ઉપતાપ યા અસમાધિ પેદા ન થાય એવી રીતે** ચારિત્રધર્મને અંગીકાર કરવા પ્રયત્ન કરવો જોઇએ. કેમકે **તેમને કોઇને અશાન્તિ–અસમાધિ ઉપજાવવી એ ચારિત્ર અંગીકાર કરવામાં વિઘ્નરૂપ થાય છે.** વળી એવું આપખુદ આચરણ કરવું એ ધર્મપ્રાપ્તિનો ઉપાય નથી. વળી એવી રીતે પરિતાપ ઉપજાવવા રૂપ **અકુશલારંભ** હિતરૂપ પણ નથી.

### માતપિતાને પ્રતિબોધી અનુકૂળ કરી લેવાની શાસ્ત્ર–મર્યાદા.

**નીચે મુજબ પ્રતિબોધવા.** કદાચ માતપિતા કર્મવશાત્ પ્રતિબોધ **પામેલા ન હોય તો તેમને શાન્તિથી સમજાવવા. મહાસત્ત્વશાળીના** માતા પિતા **તો પ્રાયે કરીને પ્રતિબોધ પામેલાજ હોય છે. ઉભય** ભવ સુધરે એવું જીવિત **પ્રશંસાપાત્ર લેખાય છે અને સમુદાયે (સાથે મળીને)** કરેલાં સારા કામ સમુદાયે ફળે છે. **શુભ કર્મ (સુકૃત્ય) નહીં કરવાથી ભવપરંપરાએ કરી** આપણા સહુનો અતિ દીર્ઘકાળનો **વિજોગ થશે (માટે આ શુભ કાર્યમાં** આપ પણ ભાગીદાર બનો) **તથા દીર્ઘકાળનો વિજોગ થાય એવી ચેષ્ટા તો એક** વૃક્ષ ઉપર વસનારાં એટલે રાત્રે આવી રહેલાં **અને પ્રભાતે** ઉડીને જતા રહેતાં પક્ષીઓ તુલ્ય લેખાશે. કેમકે **કોઇથી ખાળી નહીં શકાય એવું મૃત્યુ અલ્પ આયુષ્યપણાને લીધે આપણી સમીપજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રહેલ છે અને મનુષ્ય ભવ, સમુદ્રમાં પડી ગયેલા ચિન્તામણિ રત્નની પ્રાપ્તિની જેમ અતિ દુર્લભ છે.** મનુષ્યભવ સિવાયના અન્ય પૃથ્વીકાયાદિક ભવો તો આ જીવે અસંખ્યાતા કરેલા છે, પણ તે સર્વે અત્યંત દુઃખભર્યા મોહાન્ધકારવાળા અને અશુભકર્મની પરંપરા વધારનારા છે. તેથી તે બધા ભવો ચારિત્રરૂપ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે યોગ્ય નથી. કેવળ **એક મનુષ્ય ભવજ સંસાર સમુદ્રમાં નાવની પેરે ચારિત્ર ધર્મની પ્રાપ્તિ માટે યોગ્ય છે.** તેથી કરીને સંવર વડે હિંસાદિક છિદ્રો ( દોષો ) ને બંધ કરનારૂં, જ્ઞાનરૂપી સુકાનવાળું, અને અનશનાદિક તપરૂપી પવનવડે વેગે ચાલનારૂં આ મનુષ્યભવરૂપી વહાણ છે, તે ધર્મ આરાધનરૂપ આત્મકાર્યમાં જોડી દેવું યોગ્ય છે, કેમકે સર્વ કાર્ય કરવામાં અનુપમ એવો આ મનુષ્યભવરૂપી અવસર સિદ્ધિસાધક ધર્મ સાધવામાં હેતુરૂપ હોવાથી અતિ દુર્લભ છે, અને મોક્ષજ સર્વે ભવ્ય જીવોને આદરવા યોગ્ય છે, કેમકે એ મોક્ષમાં જન્મ, જરા, મરણ, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, ક્ષુધા, તૃષા કે બીજા શીત તાપાદિક કોઈ પણ ઉપદ્રવ નથી અને સર્વથા પ્રકારે સ્વતંત્ર, અશુભ, રાગાદિક રહિત, શાન્ત, શિવ અને અવ્યાબાધપણે જીવોનું અવસ્થાન છે.

આ સંસાર મોક્ષથી વિપરીત અને અસ્થિર સ્વભાવવાળો છે, કેમકે આ સંસારમાં પર્યાય અવસ્થા બદલાઇ જવાથી સુખી હોય તે પણ તુરતમાં દુઃખી થઇ જાય છે અને વિદ્યમાન વસ્તુ પણ ચાલી જાય છે. આ સર્વ સ્વજનાદિક સ્વપ્નવત્ આળપંપાળ વિનાશશીલ છે તેથી તેમાં મમતાદિકવડે પ્રતિબંધ કરવો યોગ્ય નથી. માટે આપ મારા ઉપર કૃપા કરો અને આ સંસારભ્રમણનો અંત કરવા યથાશકિત પ્રયત્ન સેવો. હું પણ આપની અનુમતિથી સંસારભ્રમણનો અંત કરીશ, કેમકે આ સંસારમાં નિરન્તર થતા જન્મમરણવડે હું અત્યન્ત ખેદ પામ્યો છું, અને સંસાર–ઉચ્છેદરૂપ મારૂં વાંછિત ગુરૂના પ્રભાવથી સિદ્ધ થવા સંભવ છે.” આ પ્રમાણે માત પિતાની પેરે બીજા પણ સ્ત્રી પુત્રાદિક, સ્વજન પરિવારને ઉચિત રીતે પ્રતિબોધિત કરી પછી તેમની સાથે ચારિત્ર ધર્મનું સેવન કરવું, અને પંચ મહાવ્રતના સેવન રૂપી ઉચિત કર્તવ્ય નિસ્પૃહ પણે નિરન્તર કરવું. એ મતલબનું પરમ નિર્ગ્રંથ શ્રી વીતરાગ પરમાત્માનું આપ્ત વચન છે. કદાચ તથાપ્રકારના કર્મપરિણામઃ યોગે માતપિતાદિક પ્રતિબોધ ન પામે–ચારિત્ર લેવા તૈયાર ન થાય તો પોતાની શકિત પ્રમાણે પોતાની બુદ્ધિથી આવક અને ઉપાય વડે શુદ્ધ એવું નિર્વાહનું સાધન કરી આપવું. કેમકે એજ કૃતજ્ઞતા અને કરૂણા–ભકિત છે. અને એજ જગતમાં શાસનની ઉન્નતિ કરનારી છે. ત્યારપછી માતપિતાદિકની અનુમતિ લહી ચારિત્ર–ધર્મનો સ્વીકાર કરવો. એમ કર્યા છતાં પણ જો તેમની અનુમતિ મળી ન શકે તો ભાવથી ( અંતરથી ) માયા રહિત છતાં જ દ્રવ્યથી ( બહારથી ) માયાવી થવું. કેમકે ધર્મનું આરાધન જ સર્વ પ્રાણીઓને હિતકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક છે. તેથી ખોટી માયા કરવાવડે તે તે પ્રકારે ' મને ખોટું સ્વપ્ન આવ્યું છે, તેથી મારૂં મરણ નજદીક લાગે છે ' ઇત્યાદિક કહીને પણ અનુમતિ મેળવીને ધર્મનું આરાધન કરવું. તેમ કર્યા છતાં પણ સર્વ પ્રકારે ચારિત્ર લેવાની અનુજ્ઞા ન આપે તો ' અસ્થાને રહેલા ગ્લાનનો, ઔષધ લેવા જવા માટે ત્યાગ કરવો પડે ( યોગ્ય સ્થળે જવું પડે ) એ દ્રષ્ટાન્તે તેમનો ત્યાગ કરવો ઘટે છે. તેજ દ્રષ્ટાન્ત કહે છે.

જેમ કોઇ એક પુરૂષ માતા પિતા કે પત્ની આદિ સહિત કોઇપણ પ્રકારે અટવીમાં આવી ચડયો છે, ત્યાં તેમનાપર મમતા-પ્રતિબંધથી તેમની સાથે રહે છે, તેવામાં તેમને અવશ્ય ઘાત કરનાર-મૃત્યુ પમાડનાર અને કેવળ મનુષ્યથી મીટાવી ન શકાય, પરંતુ ઔષધ સાધ્ય એવો મહા વ્યાધિ ઉત્પન્ન થયે છતે તે પુરૂષ તેમના પ્રતિબંધથી એવો વિચાર કરે કે આ માતપિતાદિક ઔષધ વિના અવશ્ય મરણ પામશે અને ઔષધ પ્રયોગ વડે કદાચ જીવશે પણ ખરા. વળી તે ટુંક સમયમાં મરી જાય તેવી સ્થિતિ નથી એમ વિચારીને તેમના ભોજન આચ્છાદન વિગેરે માટે તથા નિર્વાહ માટે યોગ્ય ગોઠવણ કરી, તેમના ઔષધ માટે તથા પોતાની આજીવિકા માટે તેમનો ત્યાગ કરે તે ત્યાગ સારો છે-ખોટો નથી; કેમકે આ ત્યાગ ફરીથી પરિણામે તેમનો સંયોગ કરાવનાર હોવાથી ખરી રીતે અત્યાગ રૂપે છે. અને જો ઔષધાદિક માટે તેમનો ત્યાગ તેવે વખતે ન કરે તેવો અત્યાગ પરિણામે મરણજનક થવાથી વિયોગકારી હોવાથી ખરી રીતે ત્યાગરૂપજ છે. આવી બાબતમાં પંડિતોને પરિણામની જ મુખ્યતા હોય છે, એમ નિપુણ બુદ્ધિથી પરિણામ દ્રષ્ટિ રાખનારા ધીર પંડિત પુરૂષો કહે છે. તે પુરૂષ પોતાના માતા પિતાદિકને તેવો સંભવ હોવાથી ઔષધ લાવી આપીને જીવાડી શકે છે. આ રીતે ( લાભાલાભ વિચારી ) ત્યાગ કરવા તે પુરૂષને ઉચિત છે.

હવે ઉકત દ્રષ્ટાન્તનો ઉપનય ( પરમાર્થ-સાર ) કહે છે:—

એજ પ્રમાણે કોઇ શુકલપાક્ષિક મહા પુરૂષ માત પિતા સહિત સંસાર અટવીમાં પડયો સતો ધર્મને વિષે પ્રતિબંધવાળો ( દ્રઢ રાગી ) થઇને વિચરે છે. તેમાં તે માત પિતાદિકને અવશ્ય વિનાશ કરનારો, સમ્યકત્વાદિ રહિત સામાન્ય પુરૂષથી ન મિટાવી શકાય તેવો અને સમ્યક્ત્વાદિ ઔષધ વડે સાધ્ય એવો મરણાદિ ફળ-વિપાકવાળો મહાવ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે તે શુકલપાક્ષિક પુરૂષ ધર્મના પ્રતિબંધને લીધે એવો વિચાર કરે કે-આ માતા પિતાદિ સમ્યકત્વાદિ ભાવ-ઔષધને અભાવે અવશ્ય વિનાશ પામશે અને સમ્યકત્વાદિ ઔષધની પ્રાપ્તિવડે કદાચ વિનાશ નહીં પામે ( બચી શકશે ). વળી વ્યવહારથી જોતાં તેમનું આયુષ્ય હજુ કંઇક લંબાય એમ લાગે છે, એવું વિચારી તેમના મનને સંતોષ થાય તે પ્રકારે આ લોકની ચિન્તારૂપ તેમના નિર્વાહનું સાધન કરી આપી, વિશિષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુર્વાદિક યોગવડે તેમને માટે સમ્યકત્વાદિ ઔષધ નિમિત્તે તથા પોતાની વૃત્તિને નિમિત્તે યોગ્ય કર્તવ્ય કરવાના હેતુથી સંયમ ગ્રહણ કરી, માતા પિતાદિનો તેવે પ્રસંગે ત્યાગ કરે તે મોક્ષપ્રાપ્તિના વિષયમાં સારો-પ્રશસ્ય છે. આવો ત્યાગ પરમાર્થભાવનાથી અત્યાગરૂપ છે, અને એવે વખતે અત્યાગ જ મિથ્યાભાવનારૂપ હોવાથી ત્યાગરૂપ છે. અહીં પરમાર્થથી તાત્વિક ફળજ પંડિતોને માન્ય છે. આવા નિપુણ બુદ્ધિથી જોનારા વીરપુરૂષો નિકટભવી હોય છે. તે શુકલપાક્ષિક પુરૂષ માતા પિતાદિને સમ્યકત્વાદિ ભાવ-ઔષધની પ્રાપ્તિ કરાવી, મોક્ષના અમોઘ બીજના યોગવડે તેમને જીવાડવાનો સંભવ હોવાથી અત્યન્તપણે જીવાડી શકે છે. આવા હેતુથી જે ( અશકય પરિહાર ) ત્યાગ કરવો તે સત્પુરૂષને ઉચિત છે. બીજી કોઇ રીતે માતાપિતાના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. સત્પુરૂષોનો ધર્મ છે કે તેમણે કોઇપણ પ્રકારે માતાપિતાદિને ધર્મ પમાડવો. આ બાબતમાં અકુશલાનુબંધી-અપમંગળકારી એવા માતાપિતાદિને થતા શોકને તથાવિધ અભિગ્રહ ગ્રહણ કરવાવડે દૂર કરનાર **ભગવાન્ શ્રી મહાવીરસ્વામીનું જ ઉદાહરણ ( દ્રષ્ટાન્ત ) છે.**

આ રીતે સર્વ પ્રકારે **માતાપિતાદિ કોઇને ઉપતાપ-અસમાધિ ઉપજાવ્યા વગર,** વીતરાગ ભગવંતની દ્રવ્ય અને ભાવ પૂજા કરી, સુપાત્રરૂપ સાધુજનોને તથા બીજા દીન હીનજનોને સ્વસંપત્તિ પ્રમાણે દાનાદિવડે સંતોષ પમાડી, સાધુજનને લાયક એવો વેષ ધારણ કરી, સામાયક-આવશ્યક ( કરેમિ ભંતે ) ઉચ્ચરી, સારૂં વિશુદ્ધ લગ્ન-મુહૂર્ત પામી, ગુરૂ મહારાજના ગુરૂમંત્રવડે વાસક્ષેપ નંખાવી, વિશુદ્ધમાન-ચઢતા નિર્મળ પરિણામે, સુગુરૂ સમીપે અત્યન્ત હર્ષ-પ્રમોદ સહિત પોતે સદોષ-સોપાધિક લૌકિક ધર્મનો ત્યાગ કરીને, લોકોત્તર -નિરૂપાધિક ચારિત્રધર્મને ગ્રહણ કરે-ભાગવતી દીક્ષાને અંગીકાર કરે. આવી શ્રી જિનેશ્વર પ્રભુની આજ્ઞા મહાકલ્યાણકારી છે એમ જાણી, મોક્ષના ઇચ્છક વિવેકી ચકોર પુરૂષોએ મહાઅનર્થના ભયથી કદાપિ વિરાધવી ( ખંડવી ) નહીં. છતી શક્તિએ વિવેકી મોક્ષાર્થીજનોએ તેનું અવશ્ય આરાધન કરવું. **પ્રભુ આજ્ઞાને સ્વચ્છંદે વિરાધવાથી મહા અનર્થ થાય છે.** એવા ભયથી તેને કદાપિ પણ વિરાધવી નહીં. કેમકે પ્રભુ આજ્ઞાનો સ્વેચ્છાએ ભંગ કરવો એના જેવો બીજો કોઇ અનર્થ નથી. **યથાશક્તિ પ્રભુ આજ્ઞાનું આરાધન કરવું એજ મોક્ષમાર્ગ છે** એમ જાણવું.

આ ત્રીજા સૂત્રમાં દીક્ષાના અર્થીજનોને ઘણું ઘણું સમજવાનું ને આદરવાનું મળે તેમ છે.

આ રીતે પ્રવ્રજ્યા ગ્રહણવિધિરૂપ ત્રીજા સૂત્રનો ભાવાર્થ પૂરો થયો. **ઇતિશમ્**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધી જૈન સેનેટરી એસોસીએશન મુંબઇ તરફથી નીમાયેલ કમીટીનો સીનેમા મારફતે જૈનકોમમાં આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા સંબંધી ટુંક રીપોર્ટ (સંવત ૧૯૮૪)

જૈન સેનેટરી એસોસીએશન તરફથી સીનેમાનુ મશીન ખરીદી મેજીકલેન્ટર, તેમજ ફીલ્મો મારફતે જૈન સમાજની અંદર આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા માટે ભાષણો આપવા સંબંધી જે પ્રચાર કાર્ય સોંપવામાં આવ્યું હતું તે ઉપરથી મુંબઇની માંગરોળ જૈન સભાના હોલમાં "રૂઢીને લગતા ગુલામો" ચકલા સ્ટ્રીટમાં "ક્ષયરોગ અને મેલેરીયા" કચ્છી દ૦ ઓશવાળ જ્ઞાતીની વાડીમાં, "અજ્ઞાનતાના શ્રાપ" અને મહાવીર વિદ્યાલયમાં "ગરીબ બીચારી શું જાણે" નામની ફીલ્મો બતાવવામાં આવી હતી; અમદાવાદમાં તા. ૧૩ મી એપ્રીલથી તા ૧૭ મી એપ્રીલ ૧૯૨૮ સુધી આ વખત જૈન સ્ત્રીઓ તેમજ પુરૂષોનેજ "અજ્ઞાનતાના શ્રાપ" નામની ફીલ્મ વીકટર થીએટરમાં બતાવવામાં આવી હતી, જે વખતે મી૦ વૈરાટી તેમજ શ્રી જૈન યુવક સમાજે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. એટલુંજ નહિ પરંતુ રૂા. ૧૫૦ નો ખર્ચ પણ માંડી વાળ્યો હતો આ જાતની યોજનામાં રસપૂર્વક ભાગ લેવા દરેક સ્ત્રી પુરૂષોની સંખ્યાબંધ હાજરી થતી હતી અને કેટલાકને જગ્યાના અભાવે નીરાશ થઇ પાછા ફરવું પડતું હતું. આવી રીતે જ્ઞાન મેળવવા દરેક જણ ઉત્સાહ લે છે તે સાબીત થતું હતું. જુદે જુદે ઠેકાણે ફીલ્મો બતાવવાના કાર્યમાં કચ્છી દશા ઓશવાળ જૈન સ્વયંસેવક મંડળ, મી. કાનજી કરમસી માસ્તર, અને જૈન સ્વયંસેવક મંડળ અને અમદાવાદ ખાતે મી. વૈરાટી તેમજ શ્રી યુવક સમાજે, જે જે પ્રકારની મદદ કરી છે તે માટે અમો આભાર માનીયે છીએ. સીનેમાની ફીલ્મો બતાવવા સંબંધી કેટલીક મુસીબતો અનુભવવી પડતી હતી અને એકાદ બે વખત જગ્યા, મશીન તેમજ ફીલ્મની પુરતી સરબરાઇ ન આવવાથી નીરાશ થવું પડયું હતું છતાં ભવિષ્યમાં અનુકુળતા પૂર્વક ફીલ્મો બતાવી શકાય તે સંબંધી યોગ્ય-પ્રબંધ કર્યા પછી જાહેર સન્મખ રજુ કરીશું. જૈન સેનેટરી એસોસીએશન—મારફત રૂા. ૧૫૦૦ ના કરવા ધારેલા ખર્ચમાંથી અત્યાર સુધી રૂપીઆ ૮૨૯ મશીન ખરીદીના, રૂા. ૪૦ મશીનની પેટીના અને જુદી જુદી જગાએ ફીલ્મો બતાવી તે પેટે રૂ. ૧૨૪ ૧૨-૬, જેમાં શેઠ મોહનલાલ હેમચંદ તરફથી રૂા. ૨૫) ઉતેજન તરીકે આવ્યા તેનો સમાવેશ થાય છે. કુલખર્ચ રૂા. રૂા. ૯૯૩-૧૨-૬ નો થએલ છે તેનો ટુંક રીપોર્ટ જૈન કોમની જાણસારૂ પ્રસિદ્ધ કરી વીરમીયે છીએ.

લી૦ સેવકો;—

નરોતમ બી. શાહ. ડા. મોહનલાલ એચ. શાહ.

લલ્લુભાઇ કરમચંદ દલાલ. મણીલાલ મોકમચંદ શાહ.

કમીટીના મેમ્બરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

અમદાવાદ શહેરમાં શ્રી જૈન યુથલીગ તરફથી ફાગણ વદી ૫ થી યુવક સપ્તાહ તેની કમીટી, બાહોશ સેક્રેટરી અને કાર્યવાહકોના ઉત્સાહથી ઉજવાશે. તા. ૩૦ મીએ જેનાં પ્રદર્શનમાં જૈન સંગ્રહ વિભાગ, જ્ઞાનદર્શન વગેરે વિભાગ, હુન્નરકળા વિભાગ, સ્ત્રી વિભાગ, વિદ્યાર્થીવિભાગ, વ્યાપારી દુકાનો વગેરે વિભાગોમાં જુદી જુદી વસ્તુઓ ગોઠવવામાં આવશે. અને ફાગણ વદી ૫ થી ફાગણ વદી ૧૧ સુધી પ્રદર્શન, રમતગમત હરીફાઇ, નાટ્યપ્રયોગો, જન્મકલ્યાણક જયંતી, બાળકો અને સ્ત્રીઓનો દિવસ લોકગીત લોકવાર્તા, ચિત્રપટ દર્શન એ વગેરે કાર્યોથી સપ્તાહ ઉજવાશે. આ સંસ્થાના ઉત્સાહી સેક્રેટરીઓ સારાભાઇ મો. દલાલ તથા ચીમનલાલ દ. શાહ તથા પ્રદર્શન કમીટીના જો૦ સેક્રેટરી ઝવેરી મૂળચંદ આશારામ તથા શાહ ચંદુલાલ ગોકળદાસના સતત્ પ્રયત્નથી આ સંસ્થાનું જમાનાને બંધ બેસતું અને આવશ્યક કાર્ય ઉત્તમ રીતે પાર પડશે એમ ખાત્રી થાય છે. જૈન બંધુઓએ અવશ્ય લાભ લેવા જેવું છે, અને બીજા શહેરોએ તેનું અનુકરણ કરવા જેવું છે.

# સ્વીકાર અને સમાલોચના.

૧ **દેવસીરાઇ પ્રતિક્રમણસૂત્ર તથા પંચ પ્રતિક્રમણસૂત્ર**–પ્રગટ કર્તા શ્રી જૈન **સસ્તીવાંચનમાળા**–ભાવનગર. કિંમત ત્રણ આના અને આઠ આના. આ બંને બુકો ગુજરાતી સુંદર મોટા ટાઇપમાં સારા કાગળમાં બીજી અનેક હકીકતો સાથે પ્રગટ થયેલ છે, બાળકો માટે અભ્યાસ કરવામાં ઉપયોગી થઇ પડે તેમ છે.

૨ **નવીન યુગનો આત્મા**–લેખક તથા પ્રકાશક **મણિલાલ નથુભાઇ દોશી બી. એ** અમદાવાદ. કિંમત આઠ આના. માતપિતાએ કેવી જાતનું ઉત્તમ જીવન ગાળવું, કેવી ભાવના રાખવી અને અનર્થોને કેમ દૂર કરવા કે જેથી ભવિષ્યની પ્રજા સદ્વર્તનશાળી, પ્રેમી અને ઉત્સાહી બને તેનો ઉપદેશ નવીન યુગનો આત્મા એક ભવિષ્યના બાળકરૂપે જનસમાજને આપી રહ્યો છે, તે હકીકત વિદ્વાન લેખકે આ લઘુ ગ્રંથમાં ગુંથી છે. આ લેખક મહાશયની વિદ્વતા તેમના લખેલા અનેક ગ્રંથોમાં દીપી નીકળે છે તેમ આ ગ્રંથમાં પણ જણાય છે. આ બુકમાં બાળકે આપેલ સંદેશ મનન પૂર્વક વાંચવા–વંચાવવા જેવો છે અને તેમાંથી સ્વીકાર્ય વસ્તુ ગ્રહણ કરવાની છે.

---

**શેઠ પ્રેમાભાઇ લાલભાઇ ઝવેરી** કેશર બરાસ ફંડનો તૃતીય રીપોર્ટ સં. ૧૯૭૪ થી સં. ૧૯૮૨ સુધી. પ્રગટ કર્તા ઝવેરી જીવણચંદ સાકરચંદ ટ્રસ્ટી. આ ફંડના ઉદ્દેશ પ્રમાણે જરૂરીયાતવાળા ગામોમાં અત્યાર સુધીમાં કેશર બરાસ મોટી રકમનું આપવામાં આવેલ છે. વ્યય યોગ્યરીતે અને હિસાબ ચોખવટવાળો છે તેમ રીપોર્ટ ઉપરથી જણાય છે.

**હરિબળ**—અનુવાદક પં. ભાગમલ મૌદગલ પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી અંબાલા. પંજાબ–કિંમત અઢીઆના. હિંદીભાષામાં આવી ટ્રેક્ટ બુકો શુમારે ૧૦૦ જેટલી પ્રકટ કરી હિંદીભાષાના જાણકાર જૈનબંધુઓની આવશ્યકતા આ સોસાયટીએ પુરી પાડી છે. જૈન કથા સાહિત્ય હિંદિ ભાષામાં પ્રકટ થવાની ખોટ પણ આથી પુરી પાડી છે. હજી વિશેષ પ્રકટ થાય તેમ ઇચ્છીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# સુંદર ફોટાઓ ( છબીયો ).

કલકત્તાવાળા નથમલ ચાંડલીયા ફોટોઆફરે હાલમાં વિવિધ રંગોથી તૈયાર કરાવેલ સુંદર ફોટા મનોહર અને આકર્ષક બહાર પાડ્યા છે, કે જે જોતાંજ ખરેખર ભક્તિરસ ઉભરાઇ ગયા સિવાય રહેતો નથી.

| નામ. | સાઈઝ. | કીંમત. | નામ. | સાઇઝ. | કીંમત. |
|---|---|---|---|---|---|
| શ્રી કેસરિયાજી મહારાજ | ૧૫×૨૦ | ૦-૮-૦ | ષડ્લેસ્યા સમજણુ સહિત | ૧૫×૨૦ | ૦-૬-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળસ્વપ્ના સાર્થ | ,, | ૦-૮-૦ | શ્રી જીનદત્તસુરિજી (દાદાસા૦) | ,, | ૦-૬-૦ |
| મધુબિંદુ દષ્ટાંત સમજણુ સહિત | ,, | ૦-૬-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર સમજણુ સહિત. | ૧૬×૧૨ | ૦-૪-૦ |
| ૧ શ્રી મહાવીરસ્વામી | ૧૫×૨૦ પુનાવાળાના પ્રકટ થયેલ | ૦-૮-૦ | | | |
| ૨ શ્રી ગૌતમસ્વામી મહારાજ | ,, | ૦-૧૦-૦ | | | |

સમ્મેત શિખરતીર્થ ચિત્રાવલી—કે જેમાં પવિત્રતીર્થ શ્રી સમેતશિખર ઉપરના તમામ દહેરાઓ, ધર્મશાળાઓ, પાદૂકાઓ, વિગેરેના મળી સુંદર આર્ટપેપર ઉપર છાપેલ લગભગ સાઠ ફોટાઓ, મુખ્ય શિલાલેખો વિગેરેથી પાકા સોનેરી બાઇન્ડીંગથી બુક અલંકૃત કરેલ છે, ઘેરબેઠા દર્શનનો લાભ મળી શકે છે. ફોટાઓ ઘણાં જ સુંદર અને દેવાલય પાદુકા-નાળા જળાશયો વગેરેની સમજણ સાથે ફોટાઓ આપેલ છે, ઘરના શણગારરૂપ, પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક અને લાઇબ્રેરીના ગૌરવરૂપ છે. કીં. રૂા. ૨-૮-૦ છે. મંગાવનારે નીચેના સીરનામે લખવું.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


# જાહેર ખબર

જે શહેર યા ગામમાં શુમારે એકસો (૧૦૦) ઘરો જૈનોના હોય અને ત્યાં જૈનની જાહેર લાઇબ્રેરી-કે જ્ઞાનભંડાર ન હોય તેવા ગામમાં યા શહેરમાં લાઇબ્રેરી (પુસ્તકાલય)-ભંડારકરવા માટે એક મુનિ મહારાજ આ સભા મારફત પોતાના સંગૃહીત, અભ્યાસ કરવા માટે અને વાંચવા ઉપદેશ આપવા માટે એકઠા કરેલ) જૈન હસ્તલીખીત પ્રતો-અને છાપેલ ગ્રંથો (જેમાં આગમો અને અન્ય સાહિત્યના ગ્રંથો છે ) તે તમામ ગ્રંથો ઉપરોક્ત સ્થિતિવાળા ગામ યા શહેરના શ્રીસંઘને સદ્-ઉપયોગ કરવા અર્પણ કરી દેવા માંગે છે, જેથી જે ગામ યા શહેરને જ્ઞાનભક્તિ કરવાની અને પુસ્તકાલય કરવાની આવશ્યકતા હોય તે ગામના શ્રી સંઘે આ સભાને લખી જણાવવું, જેથી તે મુનિરાજની આજ્ઞા મુજબની શરતો લખી મોકલવામાં આવશે, તે પ્રમાણે નકી થતાં તે મુનિ-મહારાજનો એકઠો કરેલ તે ભંડાર ઉક્ત મુનિમહારાજની સંમત્તિથી અર્પણ કરી દેવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા;

—: ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી પ્રગતિ.

" એક મનુષ્યમાં પ્રકૃતિની સત્તા વધારે છે કે જીવનની–પુરૂષની સત્તા વધારે છે એ જાણુવાના અનેક ઉપાયો છે. એ ઉપાયો પૈકી એક ઉપાય એ છે કે જો એક મનુષ્ય દુઃખ, મૃત્યુ અને ભયનો જ વધારે વિચાર કરતો હોય તો તે પ્રકૃતિ પ્રધાન છે એમ સમજવું. અને જો તે આનંદ, અમૃત, અને અભયનો જ વધારે વિચાર કરતો હોય તો તે પુરૂષ પ્રધાન છે. બ્રહ્મ આનંદરૂપ છે, અમર છે, અભય છે, એમ કહેવાનો એજ અર્થ છે કે સાચું જીવન આનંદમય, અમૃતમય અને અભયરૂપ હોવું જોઇએ. આવું જીવન એજ પ્રગતિ. આથી વિરૂદ્ધ જીવન એ અધોગતિ, આનંદવૃત્તિ, અમૃતવૃત્તિ અને અભયવૃત્તિ કોઇ ધર્મક્રિયાથી, પ્રાણુાયામથી, માત્ર ધર્મશાસ્ત્રો વાંચવાથી, કોઇ મંત્રનો જપ કરવાથી, કે યાત્રા કરવાથી કે મંદિરે જવાથી, કે અમુક ધર્મ કે સંસ્થામાં દાખલ થવાથી, કે કોઇ મૂર્તિ કે છબીનું ધ્યાન કરવાથી, કે કોઇ ધર્માચાર્યના શિષ્ય થવાથી નહિ પણુ જીવનના અનુભવથી, શરીર, વૃત્તિ અને વિચારની શુદ્ધિથી અને સત્યપરાયણ સાદા જીવનથી પ્રાપ્ત થાય છે. એટલે કે આનંદ, અમરપણું અને અભયપણું એ મનુષ્યે પોતાની અંદરથી જ પ્રાપ્ત કરવાનાં છે; એ વસ્તુઓ બહારથી મળી શકતી નથી. માટે જ આપણો મોક્ષ આપણા પોતાના જ હાથમાં છે એમ કહેવાય છે.

" પ્રગતિ એટલે સંસ્કારિતા; સંસ્કારિતા એટલે સત્યદર્શન પ્રમાણે આચરણ. સંસ્કારી પુરૂષ એટલે સ્વાવલંબી પુરૂષ. જેટલા પ્રમાણુમાં મનુષ્ય સ્વાવલંબી બને તેટલી તેની પ્રગતિ થઇ કહેવાય. સંપૂર્ણ સંસ્કારી મનુષ્ય તો તેજ કહેવાય કે જે સંપૂર્ણ સ્વાશ્રયી હોય, જેને સાચા સંસ્કારી થવું હોય તેણે બહારના સઘળા અવલંબનોનો ત્યાગ કરવો જોઇએ અને જે વસ્તુઓ સાધનો થઇ શકે તેને રાખવી જોઇએ અને બંધનરૂપ હોય તેનો ત્યાગ કરવો જોઇએ. બંધનરૂપ વૃત્તિઓ, બંધનરૂપ ક્રિયાઓ, બંધનરૂપ માન્યતાઓ, બદ્ધમતો, બંધનરૂપ રૂઢીઓ પ્રમાણો વિગેરે જીવન સાદું બનાવવું હોય, જીવન–મુક્ત બનવું હોય તો આ સઘળાં બંધનો છોડવાની જરૂર છે. આપણે આ સઘળી વાતો બહુ વર્ષો સુધી કરી છે, હવે વર્તન કરવા માંડવાનું છે હાલમાં ચાલુ થઇ રહેલા નવા જમાનામાં ઢોંગ ચાલવાના નથી, આડંબર વધારે વખત ટકવાનો નથી. સુખી થવું હશે તો બહારના ગમે તે ખરચે અને ગમે તે જોખમે સત્યપરાયણુ જ થવું પડશે. "

લી૦ હરજીવનદાસ મહેતા.

For Private And Personal Use Only